| | પ્રકરણ-૧ | પાના નંબર |
|---|---|---|
| | સમસ્યા અને સમસ્યા વિધાન | ૧-૧૧ |
| ૧.૦. | પ્રસ્તાવના | ૨ |
| | • બુધ્ધિ એટલે | ૩ |
| | • બુધ્ધિઆંક | ૪ |
| | • બુધ્ધિઆંક માપનનું મહત્વ | ૫ |
| | • બુધ્ધિઆંક માપનના પ્રકારો | ૫ |
| ૧.૧. | અભ્યાસનું મહત્વ | ૬ |
| ૧.૨. | સમસ્યા કથન | ૬ |
| ૧.૩. | સંશોધનના હેતુઓ | ૭ |
| ૧.૪. | સંશોધનની ઉત્કલ્પનાઓ | ૭ |
| ૧.૫. | અભ્યાસના ચલ | ૭ |
| ૧.૬. | અભ્યાસનો વ્યાપવિશ્વ | ૮ |
| ૧.૭. | નમૂનો | ૮ |
| ૧.૮. | સંશોધનનો પ્રકાર | ૮ |
| ૧.૯. | અભ્યાસની મર્યાદા | ૯ |
| ૧.૧૦. | માહિતી એકત્રીકરણનું ઉપકરણ | ૯ |
| ૧.૧૧. | માહિતી પૃથક્કરણ | ૯ |
| ૧.૧૨. | ઉપસંહાર | ૯ |
| ૧.૧૩. | હવે પછીના પ્રકરણની યોજના | ૧૦-૧૧ |

# પ્રકરણ : ૧

# સમસ્યા અને સમસ્યા વિધાન

## ૧.૦. પ્રસ્તાવના :

મનોવૈજ્ઞાનિક જે અભ્યાસ કરે છે તે તેમાંથી સૌથી વધુ અગત્યના ક્ષેત્રોમાં બુધ્ધિઆંક પણ છે. બહારથી નિરીક્ષણ કરી શકાય કે માપી શકાય તેવું ઘટક નથી. એ એક આંતરવર્તી ઘટક છે. આજે સામાન્ય માણસોને પણ બુધ્ધિઆંક વિશે વધુ ને વધુ જાણવાની ઇન્તેજારી હોય છે. કારણ કે તેમના રોજબરોજના જીવનમાં પ્રત્યેક વ્યવહારમાં ઓછેવતે અંશે બુધ્ધિઆંક પ્રવેશે છે. અભ્યાસ નું ક્ષેત્ર પસંદ કરવું, સફળતા મેળવવી, સિદ્ધિ પ્રાપ્ત કરવી, અટપટા કૌશલ્યો પ્રાપ્ત કરવા વગેરે બાબતો માટે બુધ્ધિઆંક એક અનિવાર્ય ઘટક છે.

આજનો યુગ એ વિજ્ઞાન અને ટેકનોલોજીની વચ્ચે દોડી રહ્યો છે.અને આવા વિશ્વમાં માનવબળના વિકાસ સંદર્ભમાં વિચારીએ તો પણ કેટલીક મુશ્કેલીયો તો આજે પણ પ્રશ્નોસ્વરૂપે જ છે. જેમ કે શિક્ષણમાં હોશિયાર કેહવાતા વિદ્યાર્થીઓની સંખ્યા વધે તેમ આપણે ઈચ્છિએ છીએ. પરંતુ શું આ વિદ્યાર્થીઓ વાસ્તવમાં હોશિયાર છે. આ પ્રશ્નો વિદ્યાર્થીમાં રહેલી પુસ્તકીયા જ્ઞાનથી પ્રાપ્ત થતું જ્ઞાન વિદ્યાર્થીને વ્યવહારું હોશિયાર બનાવે છે. વ્યવહાર ક્ષમતા તરફ દોરી જાય છે ?

આપણે એમ માનીએ છીએ કે બાળકમાં કેટલીક સર્જનાત્મકતા સુષુપ્તાવસ્થામાં જ રહેલી હોય છે. પરંતુ ક્યારેક શિક્ષણ વ્યવસ્થા જ એ પ્રકારની હોય છે કે બાળકમાં રહેલી સર્જનાત્મકતા વિકસાવવાનો બદલે

મુરઝાય જાય છે.કેટલીક ખ્યાતનામ કવિઓ, લેખકો, વૈજ્ઞાનિકો અને સમાજ સેવકોની શાલેયશિક્ષણ દરમિયાન વર્ગમાં શું હાલત હતીએ બાબતોથી આપણે પરીચિત છીએ. માટે આજે શિક્ષણને પોતાની વિદ્યાર્થીઓની શક્તિઓ વિશે ખ્યાલ હોવો જરૂરી છે. આ માટે વિવિધ મનોવૈજ્ઞાનિકોએ પોતાના વિચાર રજુ કર્યા છે. તેનો સિદ્ધાંત બુધ્ધિઆંકની ક્ષમતાને સિદ્ધાંત કે બુધ્ધિનો આંક તરીકે ઓળખાય છે. આ સિદ્ધાંતમાં તેમણે બાળકની બુધ્ધિઆંક માટે દરેક પાસાને સમાવીને જો વિકાસ થાય તો જ તેનો સર્વાંગી વિકાસ થઇ શકે છે.

દેશનો વિકાસ પણ આ ભાવિ નાગરિકો પર અવલંબે છે. ભારત સરકાર નિયુક્ત કોઠારી કમિશને ૧૯૬૬ માં રજુ કરેલો રિપોટ Education and development of India ની પ્રસ્તાવનામાં જણાવ્યું છે કે ભારતનું ભાવિ તેના વર્ગખંડોમાં ઘડાઈ રહ્યું છે. આ કામમાં શિક્ષણની સંકુચિત માન્યતાઓ, દ્રષ્ટી કે અંગતસ્વાર્થ આડે લાવી શકાય નહીં.

- **બુધ્ધિ એટલે :**

**"Stern"** કહે છે કે

"Intelligence is the general adaptability to new problems of life."

"ઈ. એલ. થોર્નડાઈક" કહે છે કે

"સત્યની દ્રષ્ટિએ સારા પ્રતિચારો આપવાની શક્તિ તે બુધ્ધિ."

"વુડવર્થ અને માકિવસ" પણ આવું જ કંઇક માને છે.

“બુધ્ધિનો અર્થ થાય છે. મગજને ઉપયોગ કોઇપણ પરીસ્થિતિનો સામનો કરવા અથવા કોઇપણ કાર્ય કરવા માટે મગજનો ઉપયોગ કરીએ છીએ તેને બુધ્ધિ કહેવાય.”

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે પ્રાથમિક શાળાના બાળકોના બુધ્ધિઆંકનો અભ્યાસ કરવાનો પ્રયત્ન કરેલ છે.

- **બુધ્ધિઆંક :**

બુધ્ધિઆંક માપન એ પ્રાચીન સમય થી જ ભારતમાં થતું આવ્યું છે. વેદો અને પુરાણોમાં આનો ઉલ્લેખ જોવા મળે છે. મહાભારતમાં યજ્ઞ અને યુધિષ્ઠિર નો સંવાદ એ આનું પ્રત્યક્ષ ઉદાહરણ છે. વિદ્યાક્ષેત્રોની બુધ્ધિલબધિ માપવા ફટપ્રશ્નો, પ્રહેલિકા વગેરેનો ઉપયોગ કરવામાં આવતો. આ ઉપરાંત શારીરિક લક્ષણો દ્વારા બુધ્ધિ અંગે અનુમાનો કરવામાં આવતા.

બ્રિટનમાં પ્રખ્યાત ફ્રાન્સિસ ગાલ્ટને પોતાની આગવી રીતે બુધ્ધિના માપન માટે કસોટી સર્વ પ્રથમ બુધ્ધિ કસોટી બનાવી હતી. આ કસોટી સાંવેગિક અનુભવોનું ચેષ્ટાકીય નિરિક્ષણ કરતી કસોટી હતી. કારણ કે ગાલ્ટનનાં મતે બુધ્ધિ એ સાંવેગિક અનુભવો કરવાની શક્તિ છે. આમ તેના દ્વારા બુધ્ધિનું માપન થતું ન હોવા છતાં તેનો આ પ્રયાસ વ્યક્તિગત તફાવતોનું વસ્તુલક્ષી માપન કરવામાં અનન્ય હતો.

અન્ય મહત્વની કસોટી મનોવૈજ્ઞાનિકો આલ્ફ્રેડ બિને અને સાયમને ૧૯૦૫ માં બનાવી હતી. તેમાં થોડીક અશાબ્દિક વિગતો પણ હતી. અમેરિકામાં સ્ટેનફ્ડ યુનિવર્સીટીનાં ટમને ટોરીલના સહયોગથી બિનેની

કસોટીનું રૂપાંતર તૈયાર કર્યું હતું. હવે કસોટીઓ સ્ટેનફડ બિને કસોટી તરીકે ઓળખાય છે.

ગુજરાતમાં ૧૯૦૫ થી બુધ્ધિકસોટીઓ મનોવૈજ્ઞાનિક કસોટીઓની રચના અને ઉપયોગનું કાર્ય શરૂ થયું છે.ભારતના અન્ય રાજ્યોની તુલનામાં મનોવૈજ્ઞાનિક કસોટીઓની રચનાનાં કાર્યમાં ગુજરાત મોખરે રહ્યું છે.

- **બુધ્ધિઆંક માપનનું મહત્વ :**

(૧) બુધ્ધિઆંક દ્વારા વિદ્યાર્થીઓની માનસિક શક્તિ જાણી તે પ્રકારે તેઓનું વર્ગીકરણ કરી શકાય છે.

(૨) ઓછા સમયમાં વધુ વ્યકિતને પણ આ બુધ્ધિઆંક માપવા આપી શકાય છે.

(૩) બુધ્ધિઆંક ના પ્રશ્નો રચનાત્મલક્ષી હોય છે તેનું મૂલ્યાંકન ઝડપી અને વિશ્વસનીય હોય છે.

(૪) બુધ્ધિઆંક આંકવાની રીત ધણી સરળ છે એ જલ્દી શીખી શકાય છે.

- **બુધ્ધિઆંક માપનના પ્રકારો :**

જેને જન્મદ્ત સામાન્ય શક્તિ તરીકે ગણવામાં આવે છે. અને જે બધી પ્રવૃત્તિઓની સિદ્ધિમાં પોતાનો પ્રવેશ દર્શાવે છે અને જે વ્યકિત એ અલગ – અલગ માત્રામાં હોય છે. તે બુધ્ધિઆંક એક નવું પરીબળ છે કે જે સામાજિક આર્થિક સ્તરમાં પણ નક્કી કરે છે. બુધ્ધિઆંક મહત્વનો ચલ છે કે જેનું નિયંત્રણ કરવું પડે છે. કાર્યકારણ સંબંધો પ્રકારના અભ્યાસમાં પાત્રોને બુધ્ધિએ એક એવું પરીબળ છે કે જેનું ધણીવાર માપન કરવું પડે છે.

ધોરણોત્મક સર્વેક્ષણોમાં કેટલીકવાર બુધ્ધિઆંક નું વર્ણન અને માપન થાય છે.

## ૧.૧. અભ્યાસનું મહત્વ :

(૧) માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા બાળકો માટે બુધ્ધિઆંક અતિ આવશ્યક છે. એના દ્વારા એ જાણી શકાય છે કે કયો વિદ્યાર્થી તેજસ્વી છે. કોણ મંદબુધ્ધિ ધરાવે છે. અને સામાન્ય ક્ક્ષામાં કોણ આવે છે. આ માહિતી મેળવીને વિધીયાર્થીઓનું જુદા – જુદા વર્ગમાં વિભાજન વર્ગોમાં બુધ્ધિઆંકના આધારે સપ્રમાણ રાખવા માટે તેમજ જુદા – જુદા અભ્યાસક્રમોની પસંદગી કરવા માટે પ્રોત્સાહિત કરવા આ સંશોધનની આવશ્યકતા છે.

(૨) માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા બાળકો પોતાના અભ્યાસની સાથે – સાથે ઈતર પ્રવૃત્તિઓમાં ભાગ લે અને અભ્યાસમાં મેળવેલ સિદ્ધિની સાથે ઈતર પ્રવૃત્તિમાં પણ ભાગ લઈ સારી સિદ્ધિ મેળવે તે માટે તેમણે ઈતર પ્રવૃત્તિઓનું મહત્વ સમજાવવા માટે આ સંશોધન અતિ આવશ્યક છે.

(3) પ્રસ્તુત સંશોધન દ્વારા શહેર અને ગ્રામવિસ્તારના માધ્યમિક શાળાના છોકરા અને છોકરીઓના બુધ્ધિઆંક જાણી શકાય છે.

## ૧.૨. સમસ્યા કથન :

પ્રસ્તુત સંશોધનનું શીર્ષક નીચે પ્રમાણે છે.

પ્રાથમિક શાળાના બાળકોનાં બુધ્ધિઆંકનો અભ્યાસ

## ૧.૩. સંશોધનના હેતુઓ :

પ્રસ્તુત સંશોધનના હેતુઓ નીચે મુજબ છે.

(૧) ધોરણ ૮ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના બુધ્ધિઆંકનો અભ્યાસ કરવો.

(૨) ધોરણ ૮ નાં વિદ્યાર્થીઓના બુધ્ધિઆંકનો અભ્યાસ જાતિ ચલના સંદર્ભમાં કરવો.

(૩) ધોરણ ૮ નાં વિદ્યાર્થીઓના બુધ્ધિઆંકનો અભ્યાસ આર્થિક સ્તરના સંદર્ભમાં કરવો.

## ૧.૪. સંશોધનની ઉત્કલ્પનાઓ :

(૧) ધોરણ ૮ નાં છોકરાઓ અને છોકરીઓની બુધ્ધિઆંકના પ્રાપ્તાંકોની સરસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

(૨) ધોરણ ૮ નાં નિમ્ન, મધ્યમ અને ઉચ્ચ સ્તરના વિદ્યાર્થીઓની બુધ્ધિઆંકના પ્રાપ્તાંકોની સરસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

## ૧.૫. અભ્યાસના ચલ :

ચલ એટલે એવો ગુણ કે લક્ષણ જેની કિંમતમાં ફેરફાર થઇ શકે છે કે જેને મૂલ્ય આપી શકાય છે. પ્રસ્તુત સંશોધનના ચલો નીચે મુજબ છે.

## <u>અભ્યાસના ચલો</u>

| ક્રમ | ચલ | નામ | કક્ષા |
|---|---|---|---|
| ૧ | સ્વતંત્ર ચલ | જાતિયતા | છોકરાઓ |
| | | | છોકરીઓ |
| | | ધોરણ | ૮ |
| | | આર્થિક સ્તર | મધ્યમ, નિમ્ન |
| ૨ | પરતંત્ર ચલ | બુધ્ધિઆંક | |
| ૩ | અંકુશિત ચલ | વિસ્તાર ભરૂચ શહેર | |

### ૧.૬. અભ્યાસનો વ્યાપવિશ્વ :

પ્રસ્તુત સંશોધનનું વ્યાપવિશ્વ ભરૂચ શહેરની તમામ પ્રાથમિક શાળાઓ રહેશે.

### ૧.૭. નમૂનો :

પ્રસ્તુત સંશોધનના નમૂના તરીકે ભરૂચ શહેરની ૪ શાળાઓની પસંદગી યાદ્રચ્છિક રીતે કરવામાં આવશે. શાળાના ૮ માં ધોરણના તમામ વિદ્યાર્થીઓને નમૂનામાં સમાવવામાં આવશે.

### ૧.૮. સંશોધનનો પ્રકાર :

પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પ્રકારનું છે.

## ૧.૯. અભ્યાસની મર્યાદા :

(૧) પ્રસ્તુત સંશોધન ફક્ત ભરૂચ શહેરની પ્રાથમિક શાળાઓ પૂરતું સીમિત છે.

(૨) પ્રસ્તુત સંશોધન ધોરણ ૮ ના વિદ્યાર્થીઓ પૂરતું મર્યાદિત છે.

(૩) પ્રસ્તુત સંશોધનમાં વિસ્તારને અંકુશિત ચલ તરીકે સ્વીકારેલ છે.

## ૧.૧૦. માહિતી એકત્રીકરણનું ઉપકરણ :

દેસાઈ શાબ્દિક – અશાબ્દિક સમૂહ બુધ્ધિ કસોટીનો ઉપયોગ કરી માહિતી એકત્રિ કરવામાં આવશે.

## ૧.૧૧. માહિતી પૃથક્કરણ :

વિદ્યાર્થીદિઠ બુધ્ધિઆંક મેળવવામાં આવશે. ત્યારબાદ t – કસોટીનો ઉપયોગ કરી માહિતીનું પૃથક્કરણ કરવામાં આવશે.

## ૧.૧૨. ઉપસંહાર:

પ્રસ્તુત સંશોધનની સમસ્યાને વિવિધ દ્રષ્ટિબિંદુઓથી કરવાના પ્રયત્ન આ પ્રકરણોમાં થયો છે. પ્રાથમિક શાળામાં ધોરણ ૮ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની બુધ્ધિઆંકનો અભ્યાસ માટે આ પ્રયત્ન કરેલ છે. સંશોધન કાર્યની શરૂઆત કરતા પહેલા સંશોધકે પરિભાષીક શબ્દોની સમજ કેળવવી જરૂરી છે. તે ઉપરાંત સંશોધનનું મહત્વ, જરૂરિયાત અને મર્યાદાથી સંશોધન પરિચિત હોય એ ખૂબ જ જરૂરી છે. સંશોધન કાર્યનાં ઉપયોગી થઇ પડે તો કેટલાક ખ્યાલો સ્પષ્ટ કરવાનો સંશોધકે નમ્ર પ્રયાસ કરેલ છે. પ્રસ્તુત

સંશોધનના હેતુઓ અને ઉત્કલ્પના, સંશોધન હેઠળના ચલ અભ્યાસની જરૂરિયાત અને અભ્યાસની મર્યાદાઓ વિશે સંક્ષિપ્તમાં ચર્ચા કરેલ છે.

## ૧.૧૩. હવે પછીના પ્રકરણની યોજના

### પ્રકરણ- ૧ સમસ્યા અને સમસ્યા વિધાન

આ પ્રકરણમાં સંશોધન કાર્ય કરવા માટેનો પાયો તૈયાર કરવું સમસ્યા અને સમસ્યા વિધાન દર્શાવેલ છે. જેમાં પ્રાથમિક શાળાના બાળકોના બુધ્ધિઆંકનો અભ્યાસ દર્શાવ્યો છે.

### પ્રકરણ-૨ સંબંધિત સાહિત્યની સમીક્ષા

સમસ્યા જેનાથી ઉદ્ભવે છે તેવા સૈદ્ધાંતિક અને બુધ્ધિગમ્ય બાળકોનું વર્ણન ટુંકમાં થવું જોઈએ. આ માટે સંદર્ભ સાહિત્યની સમીક્ષા ખૂબ જ જરૂરી છે. આ પ્રકરણમાં સંદર્ભ સાહિત્યનો અર્થ, સંદર્ભ સાહિત્યની સમીક્ષાનું મહત્વ, પૂર્વે થયેલ સંશોધનનો સારાંશ વગેરે વર્ણવામાં આવ્યું છે.

### પ્રકરણ – 3 સંશોધન યોજના

આ સંશોધન યોજનામાં સંશોધનના હેતુઓ, સંશોધન પદ્ધતિ, ઉત્કલ્પના, અભ્યાસનો વ્યાપવિશ્વ, નમૂનો, માહિતી એકત્રીકરણના સાધનો, માહિતી એકત્રીકરણ, માહિતી વિશ્લેષણની પદ્ધતિઓ, માહિતી પૃથક્કરણ વગેરે દર્શાવવામાં આવ્યો છે.

## પ્રકરણ - ૪ માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન

આ પ્રકરણમાં ઉત્ક્લ્પનાની ચકાસણી, વિદ્યાર્થીઓના પ્રતિભાવોનાં ગુણાત્મક વિશ્લેષણનો સમાવેશ કરેલ છે.

## પ્રકરણ – ૫ સંશોધનનો સારાંશ, તારણો અને ભલામણો

આ પ્રકરણમાં સારાંશ, તારણો રજૂ કરવામાં આવેલ છે ઉપરાંત સંશોધકે ભવિષ્ય માટેના સંશોધન માટે સૂચનો રજૂ કરેલ છે.

| | પ્રકરણ-૨ | પાના નંબર |
|---|---|---|
| | સંબંધિત સાહિત્યની સમીક્ષા | ૧૨-૫૬ |
| ૨.૦. | પ્રસ્તાવના | ૧૩ |
| | • સંદર્ભ સાહિત્યનો અર્થ | ૧૪ |
| ૨.૧. | સંદર્ભ સાહિત્યની સમીક્ષાનું મહત્વ | ૧૪ |
| ૨.૨. | પૂર્વે થયેલ સંશોધનનો સારાંશ | ૧૬ |
| ૨.૩. | ઉપસંહાર | ૫૫-૫૬ |

# પ્રકરણ – ૨

# સંબંધિત સાહિત્યની સમીક્ષા

## ૨.૦. પ્રસ્તાવના :

કોઈપણ સંશોધન કાર્ય હાથ ધરતા પહેલા સંશોધનકાર તેના વિશેની સધળી માહિતી એકઠી કરે છે. સંશોધકે જે ક્ષેત્ર સંબંધિત સંશોધન કરવાનું છે.તે ક્ષેત્રે થયેલા અગાઉના સંશોધનો તથા સંબંધિત સાહિત્યની સમીક્ષા કરવી જરૂરી છે. સંબંધિત સાહિત્યની સમીક્ષા કરી સંશોધકે યોગ્ય દિશા મેળવી શકે છે. અને સંશોધન કાર્યની પૂર્વભૂમિકા બાંધી શકે છે.

નવું સંશોધન કરવા સંશોધક માટે સંબંધિત સાહિત્ય દીવાદાંડી સમાન છે. અગાઉ થયેલા સંશોધનની સમીક્ષા અને સંદર્ભ સાહિત્યની સમીક્ષા વડે પ્રયોજક પોતાના સંશોધનની મહતા અને વિશેષતા પૂરવાર કરી શકે છે.

સંબંધિત સાહિત્યનું મહત્વ સમજાવતા કે.જી.દેસાઈ કહે છે કે “ કોઈપણ સમસ્યાના વિકાસ માટે અને સંશોધન યોજનાની સૂઝ માટે સંદર્ભ સાહિત્યની સમીક્ષા અત્યંત જરૂરી બને છે.”

ગુડ અને કેટ્સ ના મતે પ્રકાશિત સાહિત્ય એ કોઈપણ અગત્યની સમીક્ષાઓ દ્વારા સમસ્યા પસંદગી માટેની પૂર્વભૂમિકા, ઉત્કલ્પના,વ્યાખ્યા તથા માહિતીના અર્થઘટન માટે સંશોધન પદ્ધતિ સૂચવવા, સંશોધનમાં સામાન્ય કોશલ્યો હસ્તગત કરવા જરૂરી દિશાસૂચન કરે છે.

આમ , સંબંધિત સાહિત્યના અભ્યાસથી આપણી કાર્ય કરવાની પ્રક્રિયાને માર્ગદર્શન મળી રહે છે તથા પોતાની સમસ્યાનું ક્ષેત્ર મર્યાદિત કરવામાં સરળતા રહે છે.

આજના તકનિકી યુગમાંનો ઈન્ટરનેટએ તો માહિતીનો મુખ્ય સ્ત્રોત બની ગયું છે. સંશોધકે જ્ઞાનના વિસ્ફોટની સાથે ઉપયોગી માહિતી ક્યાંથી મળશે તેની જાણકારી મેળવવી જરૂરી છે.

*** સંદર્ભ સાહિત્યનો અર્થ :**

સંબંધિત સાહિત્યનું તાત્પર્ય સંશોધનની સમસ્યાથી સંબંધિત બધા જ પ્રકરણના પુસ્તકો , જ્ઞાનકોષો , પત્ર પત્રિકાઓ પ્રકાશિત અને અપ્રકાશિત શોધ પ્રબંધો અને અભિલેખોથી છે.જેના અધ્યનથી સંશોધન કર્તા પોતાની સમસ્યાની પસંદગી ઉત્કલ્પનાઓનું નિર્માણ અધ્યયન રૂપરેખા તેયાર કરવામાં તથા કાર્યને આગળ વધારવા સાર્થકતા મળે છે.

## ૨.૧. સંદર્ભ સાહિત્યની સમીક્ષાનું મહત્વ :

આ અભ્યાસ પ્રાથમિક શાળાના બાળકોના બુધ્ધિઆંકનો અભ્યાસ માટે હાથ ધરેલો છે. તેનું મહત્વ નીચે મુજબ છે.

સંબંધિત સાહિત્યની સમીક્ષાથી સમસ્યા ઉકેલવામાં અને સમજવામાં સરળતા રહે છે. વળી તે સંશોધનની ઉત્પાદનશીલતા વધારે છે. સંશોધકના સમય , શક્તિ અને આર્થિક વ્યય બચાવવા માટે પોતાના વિષયને અનુરૂપ સંબંધિત સાહિત્ય નવા સંશોધક માટે મહત્વનું બને છે.

વોલ્ફર.આર.બોર્ગ અને એમ.ડી.ગોલ. સંબંધિત સાહિત્ય અંગે જણાવે છે કે , " કોઈપણ ક્ષેત્રમાં સાહિત્યએ આધારશીલા રચે છે કે જેના ઉપર ભાવી કાર્યનું નિર્માણ થશે."

ગે અને એરાજિયન (૨૦૦૦)ના મત મુજબ

"સંદર્ભ સાહિત્યની સમીક્ષામાં સંશોધકને સમસ્યા સાથે સંબંધિત માહિતી ધરાવતા સુઆયોજિત રીતે ઓળખ , સ્ત્રોત નિશ્ચય અને વિશ્લેષણનો સમાવેશ થાય છે."

આમ , સંદર્ભ સાહિત્યનું મહત્વ આ પ્રમાણે છે.

* તેનાથી સંશોધનની સંશોધનના વિષય સંબંધી પાયાની સંકલ્પનાઓની જાણકારી સ્પષ્ટ બને છે.

* તેના વડે આ ક્ષેત્રોમાં અગાઉ ક્યા-ક્યા સંશોધનો થયા છે. અને ક્યા વિષય પર અભ્યાસ બાકી છે. તે જાણી પોતાના વિષયની પસંદગી કરી શકે છે.

* તેનાથી સંશોધકને સંશોધનની યોગ્ય પ્રક્રિયા સંશોધનની પદ્ધતિ અને ઉપકરણો નિર્ધારિત કરવામાં માર્ગદર્શન પ્રાપ્ત થાય છે.

* "સંશોધન યોજના" ઘડવામાં માર્ગદર્શન મળે છે અને જરૂરી પુનરાવર્તન થતું અટકે છે. એ રીતે સમય શક્તિ અને નાણાનો વ્યય થતો અટકે છે.

આમ , સંદર્ભ સાહિત્યનો સંશોધકે ઉંડાણપૂર્વક અભ્યાસ કરવો જોઇએ જેથી સંશોધન કાર્ય કેવી રીતે કરવું તે અંગેનો ખ્યાલ સ્પષ્ટ થાય અને સંશોધન ગતિશીલ અને પરિણામલક્ષી બને છે. વધુમાં તે દ્વારા અગાઉના

સંશોધનોમાં રહેલી ક્ષતિ નિવારી શકાય છે અને અગાઉ થયેલ સંશોધન કાર્યનું પુનરાવર્તન ટાળી શકાય છે.

## ૨.૨. પૂર્વે થયેલ સંશોધનનો સારાંશ :

### અભ્યાસ : ૧

**સંશોધક** : શ્રીમતી શ્યામા.

**શીર્ષક** : આણંદ તાલુકામાં ધોરણ – ૬ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સર્જનાત્મક વિચારશીલ શક્તિનો જાતિ, શૈક્ષણિક સિદ્ધિ, બુધ્ધિઆંક અને અભ્યાસ ટેવોનો સંદર્ભમાં અભ્યાસ.

**વર્ષ** : ૧૯૮૪

**હેતુઓ :**

(૧) સર્જનાત્મક ચિંતન શક્તિ પર જાતિની મુખ્ય અસરનો અભ્યાસ કરવો.

(૨) સર્જનાત્મક ચિંતન શક્તિ પર સિદ્ધિ ની મુખ્ય અસરનો અભ્યાસ કરવો.

(3) સર્જનાત્મક ચિંતન શક્તિ પર બુધ્ધિઆંક ની મુખ્ય અસરનો અભ્યાસ કરવો.

(૪) સર્જનાત્મક ચિંતન શક્તિ પર અભ્યાસ ટેવોની મુખ્ય અસરનો અભ્યાસ કરવો.

## વ્યાપવિશ્વ :

પ્રસ્તુત સંશોધન આણંદ તાલુકાના વિદ્યાર્થીઓ પૂરતું જ મર્યાદીત હતું.

## ઉપકરણ :

- અભ્યાસ ટેવ સંશોધીની ડૉ. એસ. પી. પટેલ રચિત.
- સામાન્ય ક્ષમતા કસોટી ડૉ. જે. ઝેડ. પટેલ રચિત.
- સર્જનાત્મક ચિંતન કસોટી ડૉ. જી. જી. ચૌધરી રચિત.

## સંશોધન પદ્ધતિ :

સર્વેક્ષણ પદ્ધતિ છે.

## તારણો :

(૧) સર્જનાત્મક ચિંતન શક્તિ પર જાતિની અસર અને તેની અન્ય ચલો સાથેની આંતરક્રિયાની અસરનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ વિદ્યાર્થીનીઓ કરતા સર્જનાત્મક ચિંતન શક્તિમાં વધારે સારા છે એવું જોવા મળતું નથી.

(૨) સર્જનાત્મક ચિંતન શક્તિ પર સિદ્ધિની મુખ્ય અસર અને અન્ય ચલો સાથેની આંતરક્રિયાની અસરનો અભ્યાસ દર્શાવે છે કે નિમ્ન સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓનો સર્જનાત્મક ચિંતન શક્તિ રહેલી છે.

## અભ્યાસ -૨

Mahesh Sharma, M.Ed.Department of Education. SPU. March-1990.

ધોરણ ૫ નાં વિદ્યાર્થીઓના વાચન અર્થગ્રહણ વિકાસનો તેમની શૈક્ષણિક સિદ્ધિ સામાજિક આર્થિક સ્તર અને બુધ્ધિઆંક ના સંદર્ભમાં અભ્યાસ

આજ વિકસતા જતા યુગમાં વિશ્વ સાંકડુ બનતું જાય છે. એટલે વિવિધ ક્ષેત્રે થયેલા નવીનીકરણોનું પરિવર્તનમાં રૂપાંતર થતું જોવા મળે છે. વિશ્વના દ્રષ્ટીપાત કરતાં જણાય છે કે પશ્ચીમના દેશોમાં શૈક્ષણિક સિદ્ધિઓનું પ્રમાણ વિકસતું જાય છે. જાપાન જેવો નાનો દેશ વિશ્વમાં પ્રથમ સ્થાને આવે છે. એનું કારણ ત્યાંના લોકોની શૈક્ષણિક આગવી સૂઝ છે. આજનું વિશ્વ કોમ્પ્યુટર યુગ તરીકે ઓળખાય છે.

## અભ્યાસ : 3

**સંશોધક** : કિરણકુમાર બી. ત્રિવેદી.

**શીર્ષક** : બાપુનગર વિસ્તારની માધ્યમિક શાળામાં ધોરણ – ૮ ના વિદ્યાર્થીઓની બુધ્ધિ અને પ્રકટ ચિંતા વચ્ચેનો સહસંબંધાક અભ્યાસ.

**વર્ષ** : ૧૯૯૨

## હેતુઓ :

(૧) અમદાવાદ શહેરના બાપુનગર વિસ્તારની માધ્યમિક શાળાઓના ધોરણ – ૮ માં ભણતા બાળકોના બુધ્ધિ સ્તરનો અભ્યાસ કરવો.

(૨) અમદાવાદ શહેરના બાપુનગર વિસ્તારની માધ્યમિક શાળાઓના ધોરણ – ૮ માં ભણતા બાળકોની પ્રકટચિતાનો અભ્યાસ કરવો.

(3) અમદાવાદ શહેરના બાપુનગર વિસ્તારની માધ્યમિક શાળાઓના ધોરણ – ૮ માં ભણતા બાળકોના બુધ્ધિઆંક અને પ્રકટચિતા વચ્ચેના સહસંબંધ જણાવો.

## વ્યાપવિશ્વ :

અમદાવાદ શહેરના બાપુનગર વિસ્તારની ૫(પાંચ) ગુજરાતી માધ્યમિક શાળાઓમાંથી ધોરણ – ૮ ના વિદ્યાર્થીઓની નિદર્શ તરીકે પસંદગી કરવામાં આવી છે.

## સંશોધન પદ્ધતિ :

પ્રસ્તુત અભ્યાસમાં અભ્યાસકે માહિતીના એકત્રીકરણ માટે 'સર્વેક્ષણ સંશોધન પદ્ધતિ' નો ઉપયોગ કર્યો હતો.

## ઉપકરણ :

પ્રસ્તુત અભ્યાસમાં દેસાઈ ભટ્ટ રચિત 'સમુહબુધ્ધિ કસોટી' અને ડૉ.કે.જી.દેસાઈ રચિત 'દેસાઈ ચિંતા માપદંડ' નો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## માહિતી વિશ્લેષણ :

પ્રસ્તુત અભ્યાસમાં માહિતીના વિશ્લેષણ અને પૃથક્કરણ માટે સહસંબંધાકની ગણતરી કરવામાં આવી હતી.

## તારણો :

(૧) અમદાવાદ શહેરના બાપુનગર વિસ્તારની માધ્યમિક શાળાઓના ધોરણ – ૮ માં ભણતા બાળકોની બુધ્ધિ અને પ્રકટચિતા વચ્ચે થોડો ધણો ધન સહસંબંધ જણાયો હતો.

(૨) વિદ્યાર્થીઓમાં બુધ્ધિ માપ કરતા ચિતાનું માપ ઓછું ચલિત જણાયું હતું.

(3) છોકરાઓમાં બુધ્ધિઆંક અને ચિતા વચ્ચેની ચલિતતાનું પ્રમાણ વધુ જણાયું હતું.

## અભ્યાસ : ૪

**સંશોધક** : ઉર્વેશ જે.ગામીત.

**શીર્ષક** : પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓના બુધ્ધિઆંક અને સાંવેગિક બુધ્ધિનો જાતિ અને વિસ્તાર સંદર્ભમાં તપાસવી.

**વર્ષ** : ૨૦૦૭

**હેતુઓ :**

(૧) ધોરણ – ૭ ના વિદ્યાર્થીઓના બુધ્ધિઆંક અને સાંવેગિક બુધ્ધિ વચ્ચેનો સંબંધ તપાસવો.

(૨) ધોરણ – ૭ ના વિદ્યાર્થીઓના બુધ્ધિઆંક અને સાંવેગિક બુધ્ધિ વચ્ચેનો સંબંધનો જાતીયતા સંદર્ભમાં સંબંધ તપાસવો.

(3) ધોરણ – ૭ ના વિદ્યાર્થીઓના બુધ્ધિઆંક અને સાંવેગિક બુધ્ધિ વચ્ચેનો સંબંધનો વિસ્તાર સંદર્ભમાં સંબંધ તપાસવો.

**વ્યાપવિશ્વ :**

- વિસ્તાર આણંદ તાલુકો
- ધોરણ – ૭
- 300 વિદ્યાર્થીઓ.

**ઉપકરણ :**

જનરલ એબીલીટી ટેસ્ટ રચયિતા ડૉ. જે. ઝેડ. પટેલ સાંવેગિક બુધ્ધિ માપદંડ રચયિતા સંજય કે. શાહ.

**સંશોધન પદ્ધતિ :**

સર્વેક્ષણ પદ્ધતિ છે.

**તારણો :**

(૧) ધોરણ – ૭ ના વિદ્યાર્થીઓના બુધ્ધિઆંક અને સાંવેગિક બુધ્ધિ વચ્ચે કોઈ સાર્થક સંબંધ જોવા મળતો નથી.

(૨) ધોરણ – ૭ ના છોકરાઓના બુધ્ધિઆંક સાંવેગિક બુધ્ધિ વચ્ચે કોઈ સાર્થક સંબંધ જોવા મળતો નથી.

**અભ્યાસ : ૫**

**સંશોધક** : મીરાં કે. લિખિયા.

**શીર્ષક** : માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની બહુવિધ બુધ્ધિ અને સિદ્ધિ.

**વર્ષ** : ૨૦૦૮

**હેતુઓ :**

(૧) માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની બહુવિધ બુધ્ધિનો અભ્યાસ કરવો.

(૨) માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની બુધ્ધિનો સાત સ્તરો, તાર્કિક ગણિત, ભાષાકીય, સંગીત, દુરદ્રષ્ટિ, શારીરિક ગતિશીલતા, આંતરવૈયકિતક અને બાહય વૈયકિતક રીતે અભ્યાસ કરવો.

(3) વિવિધ પ્રકારની બુધ્ધિ વચ્ચેના આંતર સંબંધનો અભ્યાસ કરવો.

(૪) માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની બહુવિધ બુધ્ધિ માપન દ્વારા બોદ્ધિક ક્ષમતાઓ અને નબળાઈઓનો અભ્યાસ કરવો.

(૫) બહુવિધ બુધ્ધિનો જાતીયતાના સંદર્ભ અભ્યાસ કરવો.

**નમૂનો :**

આણંદ જિલ્લાના વલ્લભ વિધાનગર અને કરમસદની ત્રણ માધ્યમિક શાળાના ધોરણ – ૯ ના ચાર વર્ગોના ૨૦૦ વિદ્યાર્થીઓનો સમાવેશ કર્યો હતો.

**ઉપકરણ :**

સ્વ દ્વારા રચિત બહુ સ્તરીય બુધ્ધિ સંશોધનિકા.

**તારણો :**

(૧) સાત બુધ્ધિનાં બધા જ સહસંબંધાક સાર્થક હતા.

(૨) સંગીત અને તાર્કિક ગણિત બુધ્ધિ વચ્ચે ઊચો સંબંધ જણાયો.

(3) આંતર વૈયકિતક અને તાર્કિક ગણિત બુધ્ધિ વચ્ચે નીચો સંબંધ જણાયો.

(૪) છોકરીઓમાં છોકરીઓ કરતાં વધુ આંતર વૈયકિતક બુધ્ધિ જણાય.

**અભ્યાસ – ૬**

**સંશોધક** : સોનલ કે. ચાવડા.

**શીર્ષક** : મોરબી શહેરના ધોરણ – ૧૧ ના વિદ્યાર્થીઓની સાંવેગિક બુધ્ધિ પર બુધ્ધિ કક્ષાની અસરકારકતાનો અભ્યાસ.

વર્ષ : ૨૦૦૯

**હેતુઓ :**

(૧) ધોરણ – ૧૧ ના વિદ્યાર્થીઓની સાંવેગિક બુધ્ધિક્ક્ષા અને બુધ્ધિક્ક્ષા જણાવી.

(૨) ધોરણ – ૧૧ ના છોકરાઓ અને છોકરીઓની સાંવેગિક બુધ્ધિ પર બુધ્ધિક્ક્ષાની અસરકારકતા જણાવી.

(૩) ઉચ્ચ બુધ્ધિઆંક અને સાંવેગિક બુધ્ધિ ધરાવતા છોકરાઓ અને છોકરીઓનો તુલનાત્મક અભ્યાસ કરવો.

(૪) નિમ્ન બુધ્ધિઆંક અને સાંવેગિક બુધ્ધિ ધરાવતા છોકરાઓ અને છોકરીઓનો તુલનાત્મક અભ્યાસ કરવો.

**વ્યાપવિશ્વ અને નિદર્શ :**

પ્રસ્તુત અભ્યાસમાં મોરબી શહેરને વ્યાપવિશ્વ તરીકે લેવામાં આવ્યું હતું. તેમાંથી મોરબી શહેરની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાંથી રીતે પાંચ શાળાઓ પસંદ કરવામાં આવી હતી. જેમાં છોકરાઓ અને છોકરીઓ મળીને કુલ ૨૮૮ નિદર્શ પાત્રોની પસંદગી કરવામાં આવી હતી.

**સંશોધન પદ્ધતિ :**

પ્રસ્તુત અભ્યાસમાં માહિતી એકત્રીકરણ માટે ‘સર્વેક્ષણ સંશોધન પદ્ધતિ’ નો ઉપયોગ કર્યો હતો.

## ઉપકરણ :

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે ડૉ. પલ્લવીબેન પી. પટેલ અને ડૉ. હિતેશ પી. પટેલ રચિત 'સાંવેગિક બુધ્ધિમાપદંડ' અને ડૉ. કે. જી.દેસાઈ રચિત 'દેસાઈ શાબ્દિક – અશાબ્દિક સમૂહ બુધ્ધિકસોટી' નો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## માહિતી વિશ્લેષણ :

પ્રસ્તુત અભ્યાસમાં માહિતીના વિશ્લેષણ અને પૃથક્કરણ માટે t - કસોટી નો ઉપયોગ કરવામાં આવ્યા હતા.

## તારણો :

(૧) ધોરણ – ૧૧ ના ઉચ્ચ બુધ્ધિઆંક ધરાવતા વિદ્યાર્થીઓના બુધ્ધિઆંક અને સાંવેગિક બુધ્ધિમાં ધનાત્મક સહસંબંધાક સાર્થક જોવા મળ્યો હતો.

(૨) ધોરણ – ૧૧ ના નિમ્ન બુધ્ધિઆંક ધરાવતા વિદ્યાર્થીઓના બુધ્ધિઆંક અને સાંવેગિક બુધ્ધિમાં ધનાત્મક સહસંબંધાક સાર્થક જોવા મળ્યો હતો.

## અભ્યાસક : ૭

**સંશોધક** : પંકજ પરમાર

**શીર્ષક** : મુકબધિર બાળકો અને સામાન્ય તરુણ બાળકોમાં કારકિર્દી પરિપક્વતા અને વ્યવસાયિક અભિપ્રેરણા નો તુલનાત્મક અભ્યાસ.

વર્ષ : ૨૦૧૦

**હેતુઓ :**

(૧) કારકિર્દી પરિપક્વતા દ્વારા મુકબધિર અને સામાન્ય તરુણ બાળકોનો અભ્યાસ.

(૨) વ્યવસાયિક અભિપ્રેરણા દ્વારા મુકબધિર બાળકો અને સામાન્ય તરુણ બાળકોનો અભ્યાસ.

**નમૂનો :**

આ અભ્યાસમાં સંશોધકે નમૂના માટે નડિયાદ શહેરના ધોરણ – ૯ ના વિદ્યાર્થીઓને પસંદ કર્યા હતા.

**ઉપકરણ :**

ડૉ.જે.એસ.ગ્રેવલ દ્વારા રૂપાંતરિત વ્યવસાયિક અભિપ્રેરણા માપદંડ.

**પદ્ધતિ :**

આ અભ્યાસમાં અભ્યાસકે વર્ણનાત્મક સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરેલ છે.

**તારણો :**

(૧) મુકબધિર બાળકો અને સામાન્ય બાળકોમાં કારકિર્દી પસંદગીના વલણમાં સામાન્ય તફાવત જોવા મળે છે. તેથી મુકબધિર બાળકો અને સામાન્ય બાળકોમાં કારકિર્દી પસંદગીનો વલણ સરખો જોવા મળે છે.

(૨) મુકબધિર બાળકો અને સામાન્ય તરુણ છોકરા અને છોકરીઓમાં વ્યવસાયિક અભિપ્રેરણાનો સામાન્ય તફાવત જોવા મળે છે. અહીં બંને જૂથના સરાસરી પ્રાપ્તાંકમાં સામાન્ય તફાવત જોવા મળે છે. વ્યવસાયિક અભિપ્રેરણામાં મુકબધિર તરુણ બાળકો કરતા સામાન્ય તરુણ બાળકો જુદા પડે છે.

## અભ્યાસ : ૮

**સંશોધક** : અનુજ એસ. દોષી.

**શીર્ષક** : માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની બુધ્ધિ અને સર્જનાત્મક ચિંતન વચ્ચેના સઅસબંધનો અભ્યાસ.

**વર્ષ** : ૨૦૧૦

**હેતુઓ :**

(૧) ધોરણ – ૯ ના વિદ્યાર્થીઓમાં બુધ્ધિ અને સર્જનાત્મક ચિંતન વચ્ચેનો સહસબંધ તપાસવો.

(૨) ધોરણ – ૯ ના વિદ્યાર્થીઓના રહેઠાણ વિસ્તારના સંદર્ભમાં બુધ્ધિ અને સર્જનાત્મક ચિંતન વચ્ચેનો સહસબંધ તપાસવો.

(૩) ધોરણ – ૯ ના વિદ્યાર્થીઓ અને ગ્રામ્ય અને શહેરી વિસ્તારના છોકરાઓ – છોકરીઓમાં બુધ્ધિ અને સર્જનાત્મક ચિંતન વચ્ચેનો સહસબંધ તપાસવો.

## વ્યાપવિશ્વ :

પ્રસ્તુત અભ્યાસમાં વ્યાપવિશ્વ તરીકે આણંદ તાલુકામાં આવેલી માધ્યમિક તેમાંથી નિદર્શરૂપે શહેરી અને ગ્રામ્ય વિસ્તારની બે - બે શાળાઓમાંથી ૧૫૦ વિદ્યાર્થીઓ અબે ૧૫૦ વિદ્યાર્થીનીઓને લેવામાં આવ્યા હતા.

## સંશોધન પદ્ધતિ :

પ્રસ્તુત અભ્યાસમાં માહિતીના એકત્રીકરણ માટે 'સર્વેક્ષણ સંશોધન પદ્ધતિ' નો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## ઉપકરણ :

પ્રસ્તુત અભ્યાસના ઉપકરણ તરીકે ડૉ.કે.જી.દેસાઈ રચિત 'દેસાઈ શાબ્દિક – અશાબ્દિક' , 'સમૂહ બુધ્ધિ કસોટી' અને ડૉ. પલ્લવીબેન પટેલ અને ડૉ. હિતેશ પટેલ રચિત 'સર્જનાત્મક ચિંતનકસોટી' નો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## માહિતી વિશ્લેષણ પદ્ધતિ :

પ્રસ્તુત અભ્યાસમાં સરાસરી, પ્રમાણ વિચલન તેમજ શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી માટે t – કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## તારણો :

(૧) ધોરણ - ૯ ના વિદ્યાર્થીઓના બુધ્ધિ અને સર્જનાત્મક ચિંતનના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

(૨) ધોરણ - ૯ ના છોકરાઓ અને છોકરીઓના બુધ્ધિ અને સર્જનાત્મક ચિંતનના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળતો નથી.

(૩) ધોરણ – ૯ ના શહેરી વિસ્તારના છોકરાઓ અને ગ્રામ્ય વિસ્તારના છોકરાની બુધ્ધિ અને સર્જનાત્મક ચિંતનના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળતો નથી.

(૪) ધોરણ – ૯ ના શહેરી વિસ્તારની છોકરાઓ અને ગ્રામ્ય વિસ્તારની છોકરીઓની બુધ્ધિ અને સર્જનાત્મક ચિંતનના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળતો નથી.

**અભ્યાસ : ૯**

**સંશોધક** : સૈફાલી જે. પરમાર.

**શીર્ષક** : પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની સાંવેગિક બુધ્ધિનો નિશ્ચિત ચલના સંદર્ભમાં અભ્યાસ.

**વર્ષ** : ૨૦૧૦

**હેતુઓ :**

(૧) ધોરણ - ૭ ના વિદ્યાર્થીઓની સાંવેગિક બુધ્ધિનો અભ્યાસ.

(૨) ધોરણ - ૭ ના વિદ્યાર્થીઓની સાંવેગિક બુધ્ધિનો જાતિના સંદર્ભમાં અભ્યાસ કરવો.

(૩) ધોરણ - ૭ ના વિદ્યાર્થીઓની સાંવેગિક બુધ્ધિનો સામાજિક કૌશલ્યનાં સંદર્ભમાં અભ્યાસ કરવો.

(૪) ધોરણ - ૭ ના વિદ્યાર્થીઓની સાંવેગિક બુધ્ધિનો વિસ્તારનાં સંદર્ભમાં અભ્યાસ કરવો.

## વ્યાપવિશ્વ :

પ્રસ્તુત સંશોધન ગુજરાત રાજ્યના આણંદ જિલ્લાની માધ્યમના પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ પર જાતિ, વિસ્તાર અને સામાજિક કૌશલના સંદર્ભમાં હાથ ધરવામાં આવ્યું.

## ઉપકરણ :

સાંવેગિક બુધ્ધિના માપન માટે ડૉ. સંજય શાહ રચિત અને પ્રમાણિત કરેલ સાંવેગિક બુધ્ધિ માપદંડનો ઉપયોગ કર્યો હતો.

## સંશોધન પદ્ધતિ :

સર્વેક્ષણ પદ્ધતિ છે.

## તારણો :

(૧) ધોરણ – ૭ ના છોકરાઓ અને છોકરીઓના સાંવેગિક બુધ્ધિનો પ્રાપ્તાંકોની સરસરી વચ્ચે સાર્થક તફાવત જોવા મળતો નથી.

(૨) ધોરણ – ૭ ના ગ્રામીણ વિસ્તારના વિદ્યાર્થીઓના સાંવેગિક બુધ્ધિના પ્રાપ્તાંકોની સરસરી વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

(૩) ધોરણ – ૭ ના ગ્રામીણ વિસ્તારની છોકરીઓના અને શહેરી વિસ્તારની છોકરીઓના સાંવેગિક બુધ્ધિનો પ્રાપ્તાંકોની સરસરી વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

(૪) ધોરણ – ૭ ના ગ્રામીણ વિસ્તારના છોકરાઓના સાંવેગિક બુધ્ધિના પ્રાપ્તાંકોની સરસરી વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

## અભ્યાસ : ૧૦

**સંશોધક** : ક્રિષ્ના એ. ત્રિવેદી.

**શીર્ષક** : આણંદ તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની સાંવેગિક બુધ્ધિ ક્ક્ષાનો કેટલાક ચલોના સંદર્ભમાં અભ્યાસ.

**વર્ષ** : ૨૦૧૦

**હેતુઓ :**

(૧) આણંદ તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાના ધોરણ – ૧૨ ના વિદ્યાર્થીઓની સાંવેગિક બુધ્ધિ ક્ક્ષાનો જાતિ, વિસ્તાર અને સામાજિક આર્થિક દરજ્જો જોવા ચલોના સંદર્ભમાં અભ્યાસ.

(૨) ધોરણ – ૧૨ ના વિદ્યાર્થીઓની સાંવેગિક બુધ્ધિ ક્ક્ષાનો અભ્યાસ કરવો.

(3) ધોરણ – ૧૨ ના વિદ્યાર્થીઓની જાતિ, વિસ્તાર અને એસ. ઈ.એસ. ના સંદર્ભમાં બુધ્ધિ ક્ક્ષાનો અભ્યાસ કરવો.

**વ્યાપવિશ્વ :**

ગુજરાત રાજ્યના આણંદ તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓ.

**ઉપકરણ :**

પલ્લવીબેન પી. પટેલ હિતેશભાઈ પી. પટેલ રચિત સાંવેગિક બુધ્ધિ માપદંડ.

**તારણો :**

(૧) આણંદ તાલુકાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારની ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની સાંવેગિક બુધ્ધિ ક્ક્ષાના તફાવત જોવા મળે છે.

(૨) આણંદ તાલુકાના ગ્રામ્ય વિસ્તારની ઉચ્ચતર માધ્યમિક શાળાના છોકરાઓ અને છોકરીઓની સાંવેગિક બુધ્ધિ ક્ક્ષામાં તફાવત જોવા મળે છે

**. અભ્યાસ : ૧૧**

**સંશોધક** : નિષાદ ઓજા.

**શીર્ષક** : ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે આધ્યાત્મિક બુધ્ધિ કસોટીની રચના અને પ્રમાણિકરણ.

**વર્ષ** : ૨૦૧૦

**હેતુઓ :**

(૧) ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે આધ્યાત્મિક કસોટીની રચના કરવી.

(૨) ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે આધ્યાત્મિક કસોટીને પ્રમાણિત કરવી.

(૩) ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે આધ્યાત્મિક કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોનો ધોરણનાં સંદર્ભમાં અભ્યાસ કરવો.

(૪) ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે આધ્યાત્મિક કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોનો જાતિનાં સંદર્ભમાં અભ્યાસ કરવો.

(૫) ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે આધ્યાત્મિક કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોનો પ્રવાહનાં સંદર્ભમાં અભ્યાસ કરવો.

(૬) ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે આધ્યાત્મિક કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોનો વિસ્તારનાં સંદર્ભમાં અભ્યાસ કરવો.

## વ્યાપવિશ્વ :

પ્રસ્તુત સંશોધનમાં ગુજરાત રાજ્યની માધ્યમની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૮ – ૯ દરમિયાન ધોરણ – ૮, ધોરણ – ૧૧ અને ધોરણ – ૧૨ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો સમાવેશ વ્યાપવિશ્વ તરીકે કરવામાં આવ્યો હતો.

## ઉપકરણ :

આધ્યાત્મિક બુધ્ધિ કસોટીની રચના કરવામાં આવી હતી જેમાં ૬ ઘટકો હતા. દરેક ઘટકના ૧૨ પ્રશ્નો એમ ૭૨ પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

## સંશોધન પદ્ધતિ :

પ્રસ્તુત સંશોધનમાં સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## તારણો :

(૧) આધ્યાત્મિક બુધ્ધિ કસોટીના કુલ પ્રાપ્તાંકો અને વિવિધ ઘટકોના પ્રાપ્તાંકોના સંદર્ભમાં ધોરણ – ૧૧ ના વિદ્યાર્થીઓ કરતાં ધોરણ – ૧૨ ના વિદ્યાર્થીઓ વધુ ચડિયાતા હતા. જયારે ધર્મ અને સામાજિક કૌશલ્ય ઘટકોના પ્રાપ્તાંકોમાં ધોરણ – ૧૧ અને ધોરણ – ૧૨ ના વિદ્યાર્થીઓ સમાન હતા.

(૨) આધ્યાત્મિક બુધ્ધિ કસોટીના કુલ પ્રાપ્તાંકો અને ધર્મ, સ્વ – સભાનતા, મૂલ્ય, ચિંતન તેમજ સામાજિક કૌશલ્ય પ્રાપ્તાંકોના સંદર્ભમાં કુમારો કરતાં કન્યાઓ ચડિયાતી હતી. જયારે ધર્મ ઘટકના પ્રાપ્તાંકોમાં કુમારો કન્યાઓ કરતાં ચડિયાતા હતા.

(3) આધ્યાત્મિક બુધ્ધિ કસોટીના કુલ પ્રાપ્તાંકો અને ધર્મ, સ્વ – સભાનતા, મૂલ્ય, ચિંતન તેમજ સામાજિક ઘટકોના સંદર્ભમાં વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ કરતા તેમજ સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ ઉતર બુનિયાદી પ્રવાહના વિદ્યાર્થીઓ કરતાં ચડિયાતા હતા.

## અભ્યાસ : ૧૨

**સંશોધક** : કિંજલ વિ. સેવક.

**શીર્ષક** : ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની સાંવેગિક બુધ્ધિ પર યોગ અને ધ્યાનની અસર.

**વર્ષ** : ૨૦૧૧

**હેતુઓ :**

(૧) યોગ અને ધ્યાનના કાર્યક્રમની સંરચના કરવી અને તેની અસરકારકતા સાંવેગિક બુધ્ધિ પર તપાસવી.

(૨) યોગ અને ધ્યાનના કાર્યક્રમની સંરચના કરવી અને તેની અસરકારકતા સાંવેગિક બુધ્ધિ પર સામાજિક – આર્થિક સ્થિતિના સંદર્ભમાં તપાસવી.

(૩) યોગ અને ધ્યાનના કાર્યક્રમની સંરચના કરવી અને તેની અસરકારકતા સાંવેગિક બુધ્ધિ પર બુધ્ધિઆંકના સંદર્ભમાં તપાસવી.

**વ્યાપવિશ્વ :**

પ્રસ્તુત અભ્યાસમાં અભ્યાસકે ખેડા જિલ્લાના નડિયાદ તાલુકાના વડતાલ ગામની શ્રી લક્ષ્મીનારાયણ ઉચ્ચતર માધ્યમિક શાળાના ધોરણ – ૧૧ ના બે વર્ગના વિદ્યાર્થીઓનો નમૂના તરીકે (૧) સમકક્ષ જૂથ ને આધારે

પ્રાયોગિક જૂથ અને (૨) જૂથ નિયંત્રિત જૂથ તરીકે યાદ્રાછીક રીતે લીધેલા હતા. જેમાં કુલ ૧૨૪ નિદર્શ પાત્રોની પસંદગી કરવામાં આવી હતી.

## સંશોધન પદ્ધતિ :

પ્રસ્તુત અભ્યાસમાં અભ્યાસકે માહિતી એકત્રીકરણ માટે 'પ્રાયોગિક સંશોધન પદ્ધતિ' નો ઉપયોગ કર્યો હતો.

## ઉપકરણ :

પ્રસ્તુત અભ્યાસમાં અભ્યાસકે ડૉ.પલ્લવીબેન પી.પટેલ રચિત 'સામાજિક – આર્થિક સ્થિતિ માપદંડ ડૉ.કે.જી. દેસાઈ રચિત 'દેસાઈ શાબ્દિક – અશાબ્દિક સમૂહ બુધ્ધિ કસોટી' અને ડૉ.પલ્લવીબેન પી. પટેલ રચિત 'સાંવેગિક બુધ્ધિ માપદંડ' નો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## માહિતી વિશ્લેષણ પદ્ધતિ :

પ્રસ્તુત અભ્યાસમાં માહિતીના વિશ્લેષણ અને પૃથક્કરણ માટે 'ક્રાંતિક ગુણોતર પદ્ધતિ' નો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## તારણો :

(૧) યોગ અને ધ્યાનનો અભ્યાસ કરનાર અને ન કરનાર જૂથના નિમ્ન બુધ્ધિઆંક ધરાવતા વિદ્યાર્થીઓની સાંવેગિક બુધ્ધિમાં કોઈ ફેરફાર જોવા મળતો નથી.

(૨) ઉચ્ચ સામાજિક – આર્થિક સ્થિતિ ધરાવતા અને નિમ્ન સામાજિક – આર્થિક સ્થિતિ ધરાવતા વિદ્યાર્થીઓની સાંવેગિક બુધ્ધિમાં કોઈ ફેરફાર જોવા મળતો નથી.

(૩) યોગ અને ધ્યાનનો અભ્યાસ કરતાં કરનાર જૂથની અંતિમ સાંવેગિક બુધ્ધિમાં અસર જોવા મળે છે.

## અભ્યાસ : ૧૩

**સંશોધક** : સંધ્યા સી. પટેલ.

**શીર્ષક** : માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની સર્જનાત્મક વિચારશીલતા અને ચિંતા વચ્ચે રહેલા સંબંધનો એક અભ્યાસ.

**વર્ષ** : ૨૦૧૧

**હેતુઓ :**

(૧) ધોરણ – ૯ ના વિદ્યાર્થીઓની સર્જનાત્મક વિચારશીલતા જાણવી.

(૨) ધોરણ – ૯ ના વિદ્યાર્થીઓની ચિંતા જાણવી.

(૩) ધોરણ – ૯ ના વિદ્યાર્થીઓની સર્જનાત્મક વિચારશીલતા અને ચિંતા વચ્ચે રહેલ સંબંધ જાણવો.

(૪) ધોરણ – ૯ ના વિદ્યાર્થીઓની વિસ્તારની દ્રષ્ટિએ સર્જનાત્મક વિચારશીલતા અને ચિંતા જાણવી.

(૫) ધોરણ – ૯ ના વિદ્યાર્થીઓની જાતિની દ્રષ્ટિએ સર્જનાત્મક વિચારશીલતા અને ચિંતા જાણવી.

## વ્યાપવિશ્વ :

પ્રસ્તુત સંશોધન આણંદ જિલ્લાની માધ્યમિક શાળાના વર્ષ ૨૦૧૦ – ૧૧ ના ધોરણ – ૯ ના વિદ્યાર્થીઓ પૂરતું મર્યાદિત હતું.

## ઉપકરણ :

- સર્જનાત્મક ચિંતન કસોટી – ડૉ. પલ્લવીબેન પી. પટેલ. – ડૉ. હિતેશ પી. પટેલ.
- ચિંતા માપદંડ કસોટી – ડૉ. પલ્લવીબેન પી. પટેલ. – ડૉ. હિતેશ પી. પટેલ.

## સંશોધન પદ્ધતિ :

સર્વેક્ષણ પદ્ધતિ છે.

## તારણો :

(૧) ધોરણ – ૯ ના છોકરાઓ અને છોકરીઓની સર્જનાત્મક વિચારશીલતા અને ચિંતા વચ્ચે સંબંધ જોવા મળતો નથી.

(૨) ગ્રામ્ય વિસ્તારના છોકરાઓ અને છોકરીઓની સર્જનાત્મક વિચારશીલતા અને ચિંતા વચ્ચે સંબંધ જોવા મળતો નથી.

(૩) શહેરી વિસ્તારના છોકરાઓ અને છોકરીઓની સર્જનાત્મક વિચારશીલતા અને ચિંતા વચ્ચે સંબંધ જોવા મળતો નથી.

(૪) ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓની સર્જનાત્મક વિચારશીલતા અને ચિંતા વચ્ચે સંબંધ જોવા મળતો નથી.

## અભ્યાસ : ૧૪

**સંશોધક :** મોનિકા મહાજન

**શીર્ષક :** સાંવેગિક બુધ્ધિ અને આધ્યાત્મિક બુધ્ધિ સંદર્ભ શૈક્ષણિક સિદ્ધિ.

**વર્ષ :** ૨૦૧૧

**હેતુઓ :**

(૧) છોકરાઓ અને છોકરીઓનો સાંવેગિક બુધ્ધિઆંક શોધવો.

(૨) છોકરાઓ અને છોકરીઓનો આધ્યાત્મિક બુધ્ધિઆંક શોધવો.

(3) છોકરાઓ અને છોકરીઓનો સાંવેગિક બુધ્ધિઆંક અને શૈક્ષણિક સિદ્ધિ વચ્ચેનો સંબંધ શોધવો.

(૪) સાંવેગિક બુધ્ધિઆંક અને આધ્યાત્મિક બુધ્ધિઆંક વચ્ચેનો સંબંધ શોધવો.

**નમૂનો :**

હોશિયારપુર, પંજાબની ચાર શાળાઓના ધોરણ – ૧૧ માં અભ્યાસ કરતા કુલ ૧૪૦ વિદ્યાર્થીઓને નમૂનો તરીકે લેવામાં આવ્યા હતા.

**ઉદાહરણ :**

ખેરા, અહુજા અને સારબજીત (૨૦૦૧) દ્વારા રચિત સાત સ્તરીય સાંવેગિક બુધ્ધિનો માપદંડ.

**માપદંડ :**

ખેરા, અને અમનદીપ (૨૦૦૨) દ્વારા રચિત છ સ્તરીય આધ્યાત્મિક બુધ્ધિનો માપદંડ.

**તારણો :**

(૧) છોકરાઓ અને છોકરીઓના આધ્યાત્મિક બુધ્ધિઆંક વચ્ચે સાર્થક તફાવત ન જણાયો.

(૨) છોકરાઓ અને છોકરીઓના સાંવેગિક બુધ્ધિઆંક અને શૈક્ષણિક સિદ્ધિ વચ્ચે હકારાત્મક અને સાર્થક સંબંધ જણાયો.

(3) છોકરાઓ અને છોકરીઓના આધ્યાત્મિક બુધ્ધિઆંક અને શૈક્ષણિક સિદ્ધિ વચ્ચે હકારાત્મક અને સાર્થક સંબંધ જણાયો.

(૪) છોકરાઓ અને છોકરીઓના આધ્યાત્મિક બુધ્ધિઆંક વચ્ચે હકારાત્મક અને સાર્થક સંબંધ જણાયો.

## અભ્યાસ : ૧૫

**સંશોધક** : વંદના એચ. વણકર.

**શીર્ષક** : માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિનો

બુધ્ધિ અને ચિંતાતુરતાના સંદર્ભમાં અભ્યાસ.

**વર્ષ** : ૨૦૧૨

**હેતુઓ :**

(૧) માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની બુધ્ધિકક્ષા નક્કી કરવી.

(૨) માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની ચિંતાતુરતા કક્ષા નક્કી કરવી.

(3) માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓનો બુધ્ધિના તફાવતના સંદર્ભમાં અભ્યાસ.

(૪) માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓનો ચિંતાતુરતાના સંદર્ભમાં અભ્યાસ.

**વ્યાપવિશ્વ :**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે વડોદરા જિલ્લાની ગુજરાતી માધ્યમની શાળાઓના ધોરણ – ૯ ના કુલ વિદ્યાર્થીઓનો સમૂહ વ્યાપવિશ્વ તરીકે લીધેલ છે.

**સંશોધન પદ્ધતિ :**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિનો બુધ્ધિ અને ચિંતાતુરતાના સંદર્ભમાં અભ્યાસ અંગે સંશોધકે વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ હેથળ સર્વેક્ષણ સંશોધન પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો.

## ઉપકરણ :

પ્રસ્તુત સંશોધનમાં ચિંતાતુરતાના માપદંડ માટે ડૉ. એસ. કે. લિખિયા રચિત અને પ્રમાણિત કસોટી ચિંતાતુરતા માપદંડ અને ડૉ. કૃષ્ણકાંત ગોપાળજી દેસાઈ રચિત 'દેસાઈ શાબ્દિક – અશાબ્દિક સમૂહ બુધ્ધિ કસોટી' ને ઉપકરણ તરીકે પસંદ કરી છે.

## માહિતી વિશ્લેષણ પદ્ધતિ :

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે સંશોધન માટે સરસરી , પ્રમાણ વિચલન અને શૂન્ય ઉત્કલ્પના માટે t – કસોટીનો ઉપયોગ કર્યો હતો.

## તારણો :

(૧) માધ્યમિક શાળાના ધોરણ – ૯ ના નિમ્ન બુધ્ધિઆંક ધરાવતા કુલ વિદ્યાર્થીઓ અને ઉચ્ચ બુધ્ધિઆંક ધરાવતા કુલ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિમાં તફાવત જોવા મળે છે.

(૨) માધ્યમિક શાળાના ધોરણ – ૯ ના ઉચ્ચ બુધ્ધિઆંક ધરાવતા કુલ છોકરાઓ અને ઉચ્ચ બુધ્ધિઆંક ધરાવતી કુલ છોકરીઓના શૈક્ષણિક સિદ્ધિમાં તફાવત જોવા મળતો નથી. એટલે કે તેઓ સમાન શૈક્ષણિક સિદ્ધિ ધરાવે છે.

(૩) માધ્યમિક શાળાના ધોરણ – ૯ ના નિમ્ન બુધ્ધિઆંક ધરાવતા કુલ છોકરાઓ અને નિમ્ન બુધ્ધિઆંક ધરાવતી કુલ છોકરીઓની શૈક્ષણિક સિદ્ધિમાં તફાવત જોવા મળે છે. એટલે કે તેઓ સમાન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા નથી.

## અભ્યાસ : ૧૬

**સંશોધક** : શીરીષ આર. જાદવ.

**શીર્ષક** : ભાવિ શિક્ષકોની આધ્યાત્મિક બુધ્ધિનો કેટલાંક ચલોનાં સંદર્ભમાં અભ્યાસ.

**વર્ષ** : ૨૦૧૨

**હેતુઓ :**

(૧) ગુજરાત રાજ્યની વિવિધ યુનિવર્સીટીઓમાં અભ્યાસ કરતાં ભાવિ શિક્ષકોની આધ્યાત્મિક બુધ્ધિના માપન માટે આધ્યાત્મિક બુધ્ધિ માપદંડની રચના કરવી અને તેનું પ્રમાણિકરણ કરવું.

(૨) ભાવિ શિક્ષકોની આધ્યાત્મિક બુધ્ધિનો વિવિધ યુનિવર્સીટીઓના સંદર્ભમાં અભ્યાસ કરવો.

(૩) ભાવિ શિક્ષકોની આધ્યાત્મિક બુધ્ધિનો વિસ્તારના સંદર્ભમાં અભ્યાસ કરવો.

(૪) ભાવિ શિક્ષકોની આધ્યાત્મિક બુધ્ધિનો જાતિના સંદર્ભમાં અભ્યાસ કરવો.

(૫) ભાવિ શિક્ષકોની આધ્યાત્મિક બુધ્ધિનો ધર્મ સંપ્રદાયના સંદર્ભમાં અભ્યાસ કરવો.

## વ્યાપવિશ્વ :

પ્રસ્તુત સંશોધનમાં ગુજરાત રાજ્યની માધ્યમની તમામ યુનિવર્સીટીમાં શિક્ષક પ્રશિક્ષણ કોલેજમાં બી. એડ્. નો વર્ષ -૨૦૧૦ -૧૧ માં અભ્યાસ કરતાં ભાઈઓ અને બહેનો વ્યાપવિશ્વ છે.

## ઉપકરણ :

પ્રસ્તુત સંશોધન માટે સંશોધકે સ્વરચિત આધ્યાત્મિક બુધ્ધિ માપદંડનો ઉપયોગ કર્યો હતો.

## માહિતી પૃથક્કરણ :

પ્રસ્તુત સંશોધનમાં શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી માટે T – પ્રાપ્તાંક, પ્રતિશત ક્રમાંક, મધ્યક, પ્રમાણિત વિચલન, F – મૂલ્ય અને t – મૂલ્યનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## સંશોધન પદ્ધતિ :

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે માહિતી એકત્રીકરણ માટે વર્ણનાત્મક સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો.

## તારણો :

(૧) ભાવિ શિક્ષકોમાં આત્મજાગૃતિ / ચેતન્ય, અનુગ્રહ, જીવનનો અર્થ અને સત્ય જેવા ઘટકો આધરિત આધ્યાત્મિક બુધ્ધિ વધુ જોવા મળી હતી.

(૨) હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટીમાં બી. એડ્. માં અભ્યાસ કરતા ભાવિ શિક્ષકોમાં ગુજરાત યુનિવર્સીટીમાં બી. એડ્. માં અભ્યાસ કરતા ભાવિ શિક્ષકો કરતા આધ્યાત્મિક બુધ્ધિ વધુ જોવા મળ્યું હતું.

(૩) હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટીમાં બી. એડ્. માં અભ્યાસ કરતા ભાવિ શિક્ષકોમાં વીર નર્મદા દક્ષિણ ગુજરાત યુનિવર્સીટીમાં બી. એડ્. માં અભ્યાસ કરતા ભાવિ શિક્ષકો કરતા આધ્યાત્મિક બુધ્ધિનું પ્રમાણ વધુ જોવા મળ્યું હતું.

## અભ્યાસ : ૧૭

**સંશોધક** : હિરલ બી. પટેલ.

**શીર્ષક** : ધોરણ – ૯ ના વિદ્યાર્થીઓની આધ્યાત્મિક બુધ્ધિનો કેટલાક ચાલોના સંદર્ભમાં અભ્યાસ.

**વર્ષ** : ૨૦૧૨

**હેતુઓ :**

(૧) ધોરણ – ૯ ના વિદ્યાર્થીઓ માટે આધ્યાત્મિક બુધ્ધિ માપદંડની રચના કરવી.

(૨) ધોરણ – ૯ ના વિદ્યાર્થીઓ માટે આધ્યાત્મિક બુધ્ધિ જાણવી અને તેની કક્ષા નક્કી કરવી.

(૩) ધોરણ – ૯ ના વિદ્યાર્થીઓ માટે આધ્યાત્મિક બુધ્ધિનો જાતિના સંદર્ભમાં અભ્યાસ કરવો.

(૪) ધોરણ – ૯ ના વિદ્યાર્થીઓ માટે આધ્યાત્મિક બુધ્ધિનો વિસ્તારના સંદર્ભમાં અભ્યાસ કરવો.

(૫) ધોરણ – ૯ ના વિદ્યાર્થીઓ માટે આધ્યાત્મિક બુધ્ધિનો શાળાના પ્રકારના સંદર્ભમાં અભ્યાસ કરવો.

## વ્યાપવિશ્વ :

પ્રસ્તુત સંશોધનમાં અભ્યાસ માટે વ્યાપવિશ્વ તરીકે સાબરકાંઠા જિલ્લાના મોડાસા તાલુકાની માધ્યમિક શાળાઓના ધોરણ – ૯ ના શૈક્ષણિક વર્ષ ૨૦૧૧ -૧૨ ના વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

## ઉપકરણ :

પ્રસ્તુત અભ્યાસમાં સ્વરચિત આધ્યાત્મિક બુધ્ધિ માપદંડનો સંશોધન ઉપકરણનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## સંશોધન પદ્ધતિ :

પ્રસ્તુત સંશોધનમાં સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## માહિતી વિશ્લેષણ પદ્ધતિ :

પ્રસ્તુત અભ્યાસમાં સરસરી, પ્રમાણિત વિચલન અને t – મૂલ્ય દ્વારા ઉત્કલ્પનાઓની ચકાસણી કરવામાં આવી હતી.

## તારણો :

(૧) સમગ્ર નિદર્શના ધોરણ – ૯ ના વિદ્યાર્થીઓની આધ્યાત્મિક બુધ્ધિ ઉચ્ચ કક્ષાની જોવા મળી હતી.

(૨) ધોરણ – ૯ ના વિદ્યાર્થીઓની આધ્યાત્મિક બુધ્ધિ પર જાતિની અસર જોવા મળીન હતી. એટલે કે મોડાસા તાલુકાની માધ્યમિક શાળાઓના ધોરણ – ૯ ના છોકરાઓ અને છોકરીઓના આધ્યાત્મિક બુધ્ધિમાં તફાવત જોવા મળ્યો ન હતો. આમ, છોકરાઓ અને છોકરીઓ સમાન ક્ક્ષાની આધ્યાત્મિક બુધ્ધિ ધરાવતા હતા.

(૩) ધોરણ – ૯ ના વિદ્યાર્થીઓની આધ્યાત્મિક બુધ્ધિ પર વિસ્તારની અસર જોવા મળીન હતી. એટલે કે સરસરીની તુલના કરતા ધોરણ - ૯ ના વિદ્યાર્થીઓના શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓની તુલનાએ ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓની આધ્યાત્મિક બુધ્ધિ ઉચ્ચ ક્ક્ષાની જોવા મળી હતી.

## અભ્યાસ : ૧૮

**સંશોધક** : રીપલ વી. પટેલ.

**શીર્ષક** : ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની આધ્યાત્મિક બુધ્ધિનો અભ્યાસ.

**વર્ષ** : ૨૦૧૨

હેતુઓ :

(૧) વિદ્યાર્થીઓની આધ્યાત્મિક બુધ્ધિનું સ્તર નક્કી કરવું.

(૨) આધ્યાત્મિક બુધ્ધિ પર થતી જાતિની અસર તપાસવી.

(૩) આધ્યાત્મિક બુધ્ધિ પર થતી ધોરણોની અસર તપાસવી.

(૪) આધ્યાત્મિક બુધ્ધિ પર થતી શૈક્ષણિક પ્રવાહની અસર તપાસવી.

(૫) આધ્યાત્મિક બુધ્ધિ પર થતી સ્વતંત્ર ચલોની આંતરક્રિયા તપાસવી.

## વ્યાપવિશ્વ :

પ્રસ્તુત અભ્યાસમાં અમદાબવાદ શહેરના ઉચ્ચતર માધ્યમિક શાળાના સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહના શૈક્ષણિક વર્ષ ૨૦૧૧ – ૧૨ ના વિદ્યાર્થીઓને વ્યાપવિશ્વ તરીકે લેવામાં આવેલા હતા.

## ઉપકરણ :

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે નિષાદ બી. ઓજા. દ્વારા રચિત અને પ્રમાણિત ઉપકરણનો ઉપયોગ કર્યો હતો.

## માહિતી પૃથક્કરણ :

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી માટે મધ્યક, પ્રમાણ વિચલન અને ક્રાતિક ગુણોતર ( t – test ) નો ઉપયોગ કર્યો હતો.

## સંશોધન પદ્ધતિ :

પ્રસ્તુત સંશોધનમાં માહિતી એકત્રીકરણ માટે સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## તારણો :

(૧) નમૂનાનો વધારેમાં વધારે વિદ્યાર્થીઓએ આધ્યાત્મિક બુધ્ધિનું મધ્યમ સ્તર મેળવ્યું હતું.

(૨) છોકરીઓની આધ્યાત્મિક બુધ્ધિ છોકરાઓની આધ્યાત્મિક બુધ્ધિ કરતા વધારે જોવા મળી.

(૩) વધારેમાં વધારે વિધાર્થીઓમાં ધોરણ – ૧૨ વિજ્ઞાન પ્રવાહના છોકરાઓમાં આધ્યાત્મિક બુધ્ધિ નું સ્તર નીચું જોવા મળ્યું. જયારે ધોરણ – ૧૧ વિજ્ઞાન પ્રવાહની છોકરીઓમાં આધ્યાત્મિક બુધ્ધિનું સ્તર નીચું જોવા મળ્યું.

(૪) વધારેમાં વધારે વિદ્યાર્થીઓમાં ધોરણ – ૧૧ અને ધોરણ - ૧૨ સામાન્ય પ્રવાહના છોકરાઓની આધ્યાત્મિક બુધ્ધિનું સ્તર ઊચું જોવા મળ્યું.

(૫) વિદ્યાર્થીઓની આધ્યાત્મિક બુધ્ધિ પર જાતિની અસર જોવા ન મળી એનો અર્થ એ થાય છે કે વિદ્યાર્થીઓની આધ્યાત્મિક બુધ્ધિ પર જાતિ અસર કરતી નથી.

## અભ્યાસ – ૧૯

Daxa Makwana,M.Ed.Shri I.J.Patel,Course Mogari.SPU. March-2012.

ઉચ્ચતર માધ્યમિક સ્તરના વિવિધ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓની સાંવેગિક બુધ્ધિનો અભ્યાસ

આપણા જીવનમાં રોજબરોજના વ્યવહારથી માંડીને મહાન કાર્યોના આકાર આપવા સુધી બધે જ સાંવેગિક બુધ્ધિની જરૂર પડે છે. જો મનુષ્યની અંદર સાંવેગિક બુધ્ધિ ન હોય તો શાસ્ત્રમાં પડેલું જ્ઞાન પણ નિરર્થક નીવડે છે. સાંવેગિક બુધ્ધિથી મનુષ્ય સારા ખોટાનો ભેદ સમજી શકે છે.

## અભ્યાસ – ૨૦

**સંશોધક** : આકાશ કે. જાદવ

**શીર્ષક** : વિવિધ વિદ્યાશાખાના તરુણ વિદ્યાર્થીઓની કારકિર્દી પરિપક્વતાનો અભ્યાસ.

**વર્ષ** : ૨૦૧૩

**હેતુઓ :**

(૧) તરુણ વિદ્યાર્થીઓની કારકિર્દી પરિપક્વતાનો અભ્યાસ.

(૨) તરુણ વિદ્યાર્થીઓની કારકિર્દી પરિપક્વતાનો વિવિધ વિદ્યાશાખાના સંદર્ભમાં તુલનાત્મક અભ્યાસ.

(3) વિવિધ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓની કારકિર્દી પરિપક્વતાનો જાતિના સંદર્ભમાં તુલનાત્મક અભ્યાસ.

**વ્યાપવિશ્વ અને નિદર્શ :**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે આણંદ જિલ્લાની ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને વ્યાપવિશ્વ તરીકે લીધા હતા અને તેમાં ઉચ્ચતર માધ્યમિક શાળાઓ પૈકી પેટલાદ તાલુકાની ૫(પાંચ) શાળાઓમાંથી ૨૫૦ વિદ્યાર્થીઓને નિદર્શ તરીકે પસંદ કરવામાં આવ્યા છે.

## સંશોધન પદ્ધતિ :

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે માહિતી એકત્રીકરણ માટે ' સર્વેક્ષણ સંશોધન પદ્ધતિ' ના ઉપયોગ કર્યો હતો.

## ઉપકરણ :

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે ડૉ. નિર્મલા ગુપ્તા રચિત કારકિર્દી પરિપક્વતા કસોટીનું ગુજરાતી રૂપાંતરણ ડૉ. દીપ્તિ ચૌહાણ દ્વારા રચિત કસોટીનો ઉપયોગ કર્યો હતો.

## માહિતી વિશ્લેષણ પદ્ધતિ :

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે માહિતી વિશ્લેષણ માટે t-test નો ઉપયોગ કર્યો હતો.

## તારણો :

(૧) વિજ્ઞાન પ્રવાહ અને વિનયન પ્રવાહના તરુણ વિદ્યાર્થીઓને કારકિર્દી પરિપક્વતાના પ્રાપ્તાંકમાં સાર્થક તફાવત જોવા મળતો નથી. એટલે બંને જૂથમાં સમાનતા જોવા મળતો છે.

(૨) વિજ્ઞાન પ્રવાહ અને વિનયન પ્રવાહના વિદ્યાર્થીઓની કારકિર્દી પરિપક્વતાના વલણ ઘટકના પ્રાપ્તાંકમાં સાર્થક તફાવત જોવા મળે છે. વિજ્ઞાન પ્રવાહ કરતા વિનયન પ્રવાહના સરાસરી પ્રાપ્તાંકો ઓછા જોવા મળે છે. એટલે બંને જૂથમાં સમાનતા જોવા મળતી નથી. જયારે ક્ષમતા ઘટકના પ્રાપ્તાંકના સંદર્ભમાં તફાવત જોવા મળતો નથી. તેથી બંને જૂથમાં સમાનતા જોવા મળે છે.

(૩) વિનયન પ્રવાહ અને વાણિજ્ય પ્રવાહના તરુણ વિદ્યાર્થીઓની કારકિર્દી પરિપક્વતાના પ્રાપ્તાંકોમાં સાર્થક તફાવત જોવા મળતો નથી.

## અભ્યાસ – ૨૧

**સંશોધક** : લોહિતા

**શીર્ષક** : માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના કુટુંબી પર્યાવરણમાં કારકિર્દી પરિપક્વતાનો અભ્યાસ.

**વર્ષ** : ૨૦૧૩

**હેતુઓ :**

(૧) ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓનો છોકરાઓ અને છોકરીઓના કૌટુંબિક વાતાવરણનો અભ્યાસ.

(૨) ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓમાં કારકિર્દી પરિપક્વતાનો અભ્યાસ.

(૩) ઉચ્ચતર માધ્યમિક શાળાના છોકરાઓ અને છોકરીઓનો કારકિર્દી પરિપક્વતાનો અભ્યાસ.

(૪) ઉચ્ચતર માધ્યમિક શાળાના છોકરા અને છોકરીઓનો કારકિર્દી પરિપક્વતા ઘટકોને આધારે અભ્યાસ.

**પદ્ધતિ :** વર્ણનાત્મક સર્વેક્ષણ પદ્ધતિ

**નમૂનો** : આ સંશોધનમાં અભ્યાસકે નમૂના તરીકે ઉચ્ચતર માધ્યમિક શાળાના ધોરણ – ૧૧ ના ૧૨૦ વિદ્યાર્થીઓમાં ૬૦ છોકરાઓ અને ૬૦ છોકરીઓને નમૂના તરીકે પસંદ કર્યા હતા.

**ઉપકરણ** :

આ અભ્યાસમાં સંશોધકે , ડૉ. નિર્મલા. ગુપ્તા રૂપાંતરિત ' જ્હોન ક્રાઈટસ' કારકિર્દી પરિપક્વતા સંશોધની અને ભાટિયા અને ચાડાહ (૧૯૯૩) કૌટુંબિક વાતાવરણ માપનનો ઉપયોગ કરેલ છે.

**તારણો** :

(૧) કારકિર્દી પરિપક્વતા પર કૌટુંબિક વાતાવરણની સ્વતંત્ર રીતે અસર જોવા મળે છે.

(૨) આંતરિક રીતે કૌટુંબિક વાતાવરણ અને કારકિર્દી પરિપક્વતાની જાતિ પર અસર જોવા મળે છે.

**અભ્યાસ : ૨૨**

**સંશોધક** : તેજસ બી. માળી.

**શીર્ષક** : સામાજિક બુધ્ધિ અને સાંવેગિક બુધ્ધિનો તુલનાત્મક અભ્યાસ.

**વર્ષ** : ૨૦૧૩

## હેતુઓ :

(૧) ઉચ્ચતર માધ્યમિક શાળાના ધોરણ – ૧૧ ના વાણિજ્ય વિદ્યાશાખા અને વિનયન વિદ્યાશાખાઓના વિદ્યાર્થીઓની સામાજિક અને સાંવેગિક બુધ્ધિનો તુલનાત્મક અભ્યાસ કરવો.

(૨) ધોરણ – ૧૧ ના વિદ્યાર્થીઓની જાતિના સંદર્ભ સામાજિક બુધ્ધિ અને સાંવેગિક બુધ્ધિનો તુલનાત્મક અભ્યાસ કરવો.

## વ્યાપવિશ્વ :

પ્રસ્તુત સંશોધન આણંદ જિલ્લાની ઉચ્ચતર માધ્યમિક શાળાની વાણિજ્ય વિદ્યાશાખા, વિનયન વિદ્યાશાખાના શૈક્ષણિક વર્ષ ૨૦૧૨ – ૧૩ પૂરતું જ મર્યાદિત હતું.

## ઉપકરણ :

- સામાજિક બુધ્ધિ કસોટી - ડૉ. એન. કે. ભટ્ટ. – ડૉ. શ્રીમતી ઉષા ગણપત.
- સાંવેગિક બુધ્ધિ માપદંડ – ડૉ. પલ્લવીબેન પી. પટેલ.

## સંશોધન પદ્ધતિ :

સર્વેક્ષણ પદ્ધતિ છે.

## તારણો :

(૧) ધોરણ – ૧૧ ના વિદ્યાર્થીઓના સામાજિક બુધ્ધિ અને સાંવેગિક બુધ્ધિના વિદ્યાર્થીઓમાં તફાવત જોવા મળતો નથી.

(૨) ધોરણ – ૧૧ ના વાણિજ્ય પ્રવાહના વિદ્યાર્થીઓના અને વિદ્યાર્થીનીઓના સામાજિક બુધ્ધિ અને સાંવેગિક બુધ્ધિ સમાન છે.

(૩) વિનયન પ્રવાહના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓની સામાજિક બુધ્ધિ અને સાંવેગિક બુધ્ધિમાં તફાવત જોવા મળે છે.

## અભ્યાસ – ૨૩

Riddhi Gadhavi, M.Ed. Shri.I.J.Patel, Course, Mogri. SPU. March-2013.

ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની આધ્યાત્મિક બુધ્ધિનો ચોક્ક્સ ચલોના સંદર્ભમાં અભ્યાસ

કોઇપણ દેશની સંસ્કૃતિ તેના ધર્મ, તત્વજ્ઞાન, કવિતા, સાહિત્ય અને કલા વગેરેમાં અભિવ્યક્ત થાય છે. ભારતીય સંસ્કૃતિએ સ્વયંને જે રૂપે અભિવ્યક્ત કરી છે. આધ્યાત્મિકતાની ભાવના ભારતીઓએ સદીઓથી ભોતિકવાદને અવગણીને આધ્યાત્મિકતાને જ વધુ મહત્વ આપ્યું છે.

## ૨. ૩. – ઉપસંહાર :

સંશોધન ક્ષેત્રે ખેડાયેલા કાર્યનું અવલોકન કરવું એ સંશોધક માટે ખૂબ જ જરૂરી છે. આજે માહિતીના અખૂટ સ્ત્રોતમાંથી પોતાની સંબંધિત અને અનુફ્ળ સંદર્ભ સાહિત્યનું ચયન કરી તેનો સઘન અભ્યાસ કરવો અને તેની સમીક્ષા દ્વારા પોતાની સમસ્યાની સ્પષ્ટતાને પામવા સંશોધનનું મહત્વનું સોપાન છે.

આમ, જ્ઞાનના અખૂટ ભંડારમાંથી પોતાને શું ઉપયોગી છે તે જાણવા માટે સંદર્ભના સ્વરૂપોનો પરિચય મેળવી લેવો એ જરૂરી બને છે. આથી આ પ્રકરણમાં સંદર્ભ સાહિત્ય વિશેની માહિતી આપેલ છે.

| | પ્રકરણ-3 | પાના નંબર |
|---|---|---|
| | સંશોધન યોજના | ૫૭-૬૫ |
| ૩.૦. | પ્રસ્તાવના | ૫૮ |
| ૩.૧. | સંશોધનના હેતુઓ | ૬૦ |
| ૩.૨. | સંશોધન પદ્ધતિ | ૬૦ |
| ૩.૩. | ઉત્કલ્પના | ૬૧ |
| ૩.૪. | અભ્યાસનો વ્યાપવિશ્વ | ૬૧ |
| ૩.૫. | નમૂનો | ૬૧ |
| ૩.૬. | માહિતી એકત્રીકરણના સાધનો | ૬૨ |
| ૩.૭. | માહિતી એકત્રીકરણ | ૬૩ |
| ૩.૮. | માહિતી વિશ્લેષણની પદ્ધતિઓ | ૬૪ |
| ૩.૯. | માહિતી પૃથક્કરણ | ૬૪ |
| ૩.૧૦. | ઉપસંહાર | ૬૪-૬૫ |

# પ્રકરણ -3

# સંશોધન યોજના

## 3.0. પ્રસ્તાવના :

જીવનમાં દરેક ક્ષેત્રમાં આયોજનને મહત્વ અપાય તો સંશોધન જેવા મહત્વના કાર્ય માટે તે અનિવાર્ય બની જાય છે. કહેવાય છે કે આયોજન વગર નું કાર્યક્ષેત્ર રેતી ઉપર ચણેલા મહેલ સમાન છે. મહત્વનું કોઈ કાર્ય મુશ્કેલી વગર પાર પાડવા માટે તે કાર્ય નું આયોજન અગત્યનું બને છે.આયોજન વગર નું કાર્ય દિશાવિહિન બને છે. સામાન્ય માનવી પણ આયોજન સાથે કાર્ય કરતો હોય છે. જો અગાઉ થી જ  આયોજન કરેલું હોય તો સંશોધન કાર્યમાં સંશોધક ને ખુબ જ સફળતા રહે છે. તેમજ સંશોધન કાર્ય ઝડપથી બને છે. આયોજન થી સંશોધન દરમ્યાન ઉદભવતી મુશ્કેલીઓ કઈ રીતે નિવારી શકાય તે પણ વિચારી શકાય છે. આયોજન થી સમય, શક્તિ અને નાણાનો બચાવ થાય છે.

સામાન્ય રીતે સંશોધન દ્વારા સંશોધનના હેતુઓ નક્કી  કરી શકાય છે. વિવિધ ઉત્કલ્પાનાઓ બાંધી શકાય છે. હેતુઓ સિદ્ધિ કરવા માટે શેક્ષણિક સંશોધનોની જરૂરિયાત ઉભી થશે કઈ પદ્ધતિઓ ઉતમ બનશે તથા કેવી રીતે નમૂનાની પસંદગી કરવી ? વગેરે પ્રશ્નોનાં ઉતરો આયોજન દ્વારા મેળવી શકાય છે.

જીવનના બીજા કાર્યોની જેમ સંશોધન કાર્ય નું યોગ્ય આયોજન કરવું જરૂરી છે. કરણ કે પૂર્વ વિચારણા અને તેયારી વગર થતા સંશોધનનો

ધ્યેય સુધી પહોચતા પહેલા અવ્યવસ્થિત બને છે.આયોજન એટલે અગાઉ થી  યોજાયેલી પ્રક્રિયા , આયોજન તીર ચલાવવા જેવું કઠિન છે. તેથી આયોજન બદ્ધ સંશોધક ને સરળતાથી ધ્યેય સુધી દોરી જાય છે.

સંશોધનમાં ધણા પરિબળો અસર કરે છે. જેમકે સંશોધન યોજનાની જરૂરિયાત શેક્ષણીક સંશોધન ના પ્રકારો નિર્દેશ અને નિદર્શનની પ્રયુક્તિઓ ઉપકરણ માહિતી એકત્રીકરણ અને પૃથક્કરણ ની ચર્ચા પ્રસ્તૃત પ્રકરણમાં કરવામાં આવી છે.

સંશોધનને સફળ બનાવવા માટે અને સંશોધનના અંતે ઉપયોગી તારણો પ્રાપ્ત કરવા માટે સંશોધકે સંશોધનનું સંગીન આયોજન કરવું પડે છે.સંશોધનમાં જરૂરી માહિતી ક્યાંથી અને કેવી રીતે મેળવવી અને મેળવેલ માહિતીનું પૃથક્કરણ કઈ રીતે કરવું એ સંશોધકની આગવી સૂઝ પર આધાર રાખે છે. માહિતીનો ઉપયોગ કેવી રીતે કરવો તેનું સંશોધકે આયોજન કરવું પડે છે. દેસાઈ તથા અન્ય (૧૯૭૩) નોધે છે કે

જીવનના બીજા કર્યોની જેમ સંશોધન કર્યોમાં સંશોધકે આયોજન કરવું જરૂરી છે. કારણકે પૂર્વ વિચારણા કે પૂર્વ તેયારી વિના થતા સંશોધનો ધ્યેયબિંદુએ પહોચવા કરતા આડા અવળા  વિશેષ જાય છે અને સમય તથા માનસિક શક્તિનો બગાડ થાય છે.

સંશોધનનું પ્રથમ સોપાન આયોજન છે.ચોક્કસ આયોજન વગર નું સંશોધન સુકાતી વિનાના વહાણ જેવું બની જાય છે. સંશોધન કાર્યને આયોજન બંધ રીતે નિયત સમય મર્યાદામાં પૂરું કરવા માટે મદ્ધાસર અને સુસ્પષ્ટ સંશોધન યોજના અનિવાર્ય બની જાય છે.

સંશોધન યોજનાનું મહત્વ સમજાવતા ડૉ.કે.જી.દેસાઈ (૧૯૯૭) માં લખે છે કે

સંશોધન અહેવાલને સમજવા માટે સંશોધન યોજનાનું વર્ણન અત્યંત જરૂરી બને છે. વાચક સ્પષ્ટપણે સમજી શકે અને તેને અભ્યાસ ની પ્રમાણભૂતતા ચકાસવી જરૂરી બને તો સંપૂર્ણ વિગતો મળી રહે તે રીતે પ્રકરણ લખવું જોઈએ.

આમ, સંશોધન કાર્યમાં આયોજન મહત્વનું સ્થાન ધરાવે છે. સંશોધનકાર્ય યોજના જેટલી વૈજ્ઞાનિક રીતે અને ચોક્કસાઈપૂર્વક તૈયારી કરવામાં આવી હોય તેટલી સંશોધનની સફળતાની સભાવના વધે છે.

## ૩.૧. સંશોધનના હેતુઓ :

સંશોધનના હેતુઓ નીચે મુજબ છે.

(૧) ધોરણ ૮ માં અભ્યાસ કરતા વિધાર્થીઓના બુધ્ધિઆંકનો અભ્યાસ કરવો.

(૨) ધોરણ ૮ નાં વિદ્યાર્થીઓના બુધ્ધિઆંકનો અભ્યાસ જાતિ ચલના સંદર્ભમાં કરવો.

(3) ધોરણ ૮ નાં વિદ્યાર્થીઓના બુધ્ધિઆંક નો અભ્યાસ આર્થિક સ્તરના સંદર્ભમાં કરવો.

## ૩.૨. સંશોધન પદ્ધતિ :

પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પ્રકારનું છે.

## ૩.૩. ઉત્કલ્પના :

(૧) ધોરણ ૮ નાં છોકરાઓ અને છોકરીઓની બુધ્ધિઆંકના પ્રાપ્તાંકોની સરસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

(૨) ધોરણ ૮ નાં નિમ્ન, મધ્યમ અને ઉચ્ચ સ્તરના વિદ્યાર્થીઓની બુધ્ધિઆંકના પ્રાપ્તાંકોની સરસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

## ૩.૪. અભ્યાસનો વ્યાપવિશ્વ :

પ્રસ્તુત સંશોધનનું વ્યાપવિશ્વ ભરૂચ શહેરની તમામ પ્રાથમિક શાળાઓ હતી.

## ૩.૫. નમૂનો :

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે વિદ્યાર્થીઓ માટે સ્તરીકૃત પ્રયુકિતમાં ઉપયોગથી નમૂનો પસંદ કર્યો હતો.પ્રસ્તુત સંશોધકોમાં વ્યાપવિશ્વમાં પ્રાથમિક શાળાના બાળકોની પસંદગી કરવામાં આવી જે ચાર શાળામાંથી ૪૦૦ વિદ્યાર્થીનઓ  લેવામાં આવ્યા હતા. જે આ અભ્યાસનો નિદર્શ છે.તે સારણી ૩.૧. માં દર્શાવવામાં આવે છે.

## સારણી ૩.૧.

## નિદર્શન પસંદગી માટેની શાળાઓની યાદી.

| ક્રમ | વિસ્તાર | શાળાઓના નામની યાદી |
|---|---|---|
| ૧ | શહેર | શ્રવણ વિદ્યાધામ |
| ૨ | શહરે | નારાયણ વિદ્યાલય |
| ૩ | શહેર | સાધના વિદ્યાલય |
| ૪ | શહેર | યુનિયન સ્કૂલ |

આમ, શહેરી વિસ્તારમાં કુલ ૪ ગુજરાતી માધ્યમિક શાળાઓ પસંદ કરવામાં આવી હતી. જેમાં શહેરી વિસ્તારના ૪૦૦ વિદ્યાર્થીઓને લેવામાં આવ્યા હતા.

## સારણી ૩.૨

## નિદર્શન પસંદગીના પાત્રોની સંખ્યા

| શહેરી વિસ્તાર | | કુલ સંખ્યા |
|---|---|---|
| છોકરીઓની સંખ્યા | છોકરાઓની સંખ્યા | |
| ૧૬૩ | ૨૩૭ | ૪૦૦ |

### ૩.૬. માહિતી એકત્રીકરણના સાધનો :

કોઈપણ સંશોધન હાથ ધરવામાં આવે ત્યારે તે માટે જેતે સંશોધનને લગતી માહિતી એકઠ કરવી પડે છે. આ માહિતી એકત્રીત કરવા માટે યોગ્ય

સાધનોનો ઉપયોગ કરવો જરૂરી બને છે. આ સંશોધનના નિરીક્ષણ પ્રશ્નાવલી સંશોધનની વગેરેનો સમાવેશ થાય છે.

પ્રસ્તુત સંશોધનમાં માહિતી એકત્રીકરણના સાધન તરીકે પ્રમાણિત ઉપકરણો ઉપયોગ કરવામાં આવ્યો છે જે નીચે મુજબ છે.

(૧) ડૉ. કૃષ્ણકાંત ગોપાળજી દેસાઈ રચિત “દેસાઈ શાબ્દિક અશાબ્દિક સમૂહ બુધ્ધિ કસોટી” નો ઉપયોગ કરેલ છે.

| | બુદ્ધિ કસોટી |
|---|---|
| નામ: | દેસાઈ શાબ્દિક અશાબ્દિક સમૂહ બુદ્ધિ કસોટી |
| રચનાકાર | ડૉ. કૃષ્ણકાંત ગોપાળજી દેસાઈ |
| માળખું | ૧) શાબ્દિક ૨) અશાબ્દિક |
| વિધાન | શાબ્દિક અશાબ્દિક બંને થઈને કુલ ૮૮ પ્રશ્નો |
| અવધી | ૪૦ મિનીટ |
| વિશ્વસનીયતા | કસોટી પુનઃ કસોટી ૦.૭૫<br>કસોટી અર્ધવિભાજન ૦.૮૮ |
| યથાર્થતા | કસોટીની યથાર્થતા ૦.૭૮ જેટલી મળે છે. |

ગુણાંકન :

આ માળખાના કુલ ૮૮ પ્રશ્નો આપેલ છે તેમાં ૮ પ્રશ્નો એ મહાવરા કસોટીના છે.અને ૮૦ પ્રશ્નોના ઉતરો પરથી માનાંકો નક્કી કરવામાં આવતા હતા. પ્રશ્નોના ઉતરો માટે ઉતર પત્રમાં સાચા જવાબ પર ગોળ કુંડાળું કરવાનું હતું. આ દરેક સાચા ઉતરો માટે ૧ (એક) ગુણ આપવાનો હતો.

(૨) વિદ્યાર્થીઓનું અંગત માહિતી પત્રક

## ૩.૭. માહિતી એકત્રીકરણ :

સંશોધન દ્વારા ભરૂચ જિલ્લાના પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને પસંદ કરવામાં  આવ્યા છે. આચાર્ય દ્વારા આપવામાં આવેલ સમય અનુકૂળતાએ વિદ્યાશાખાઓમાં જઈ ને વિદ્યાર્થીઓની બુધ્ધિ કસોટી આપવામાં આવી હતી. અને સૂચનો આપી પરત લેવામાં આવી હતી.

## ૩.૮. માહિતી વિશ્લેષણની પદ્ધતિઓ:

સંશોધનના પરિણામો ઉત્કલ્પના સ્વીકાર કે અસ્વીકાર પર રહે છે. માટે ઉત્કલ્પનાના સંભવિતતા કે તાર્કિક કે અનુમાન આધારિત કરવી જોઈએ.માહિતીના પૃથક્કરણ અને અર્થધટન વિશ્લેષણ માટે યોગ્ય પદ્ધતિનો ઉપયોગ કરવો આવશ્યક અને અનિવાર્ય છે. એ ગુણવતા ની દ્રષ્ટીએ પ્રસ્તુત સંશોધનના અંક શાસ્ત્રીય પદ્ધતિ (વિશ્લેષણ)નો ઉપયોગ કરવામાં આવશે.

પ્રસ્તુત સંશોધનમાં પ્રાથમિક શાળાના બાળકોના બુધ્ધિઆંકનો અભ્યાસ કરવાનો હોવાથી વિદ્યાર્થીઓના મેળવેલ સંશોધનિકા દ્વારા રચેલ ઉત્કલ્પનાઓ અને અનુસાર તેની સાર્થકતા કક્ષા નક્કી કરવા અને સંશોધનની વિશ્વસનીયતા બનાવવા માં આવશે.

## ૩.૯. માહિતી પૃથક્કરણ :

વિદ્યાર્થીદિઠ બુધ્ધિઆંક મેળવવામાં આવશે.અને ત્યારબાદ t – કસોટીનો ઉપયોગ કરી માહિતીનું પૃથક્કરણ કરવામાં આવશે.

## ૩.૧૦. ઉપસંહાર :

સંશોધન એ વૈજ્ઞાનિક અને પદ્ધતિસરની પ્રક્રિયા છે. આ પ્રક્રિયા અનેક પ્રકારના સોપાનોમાંથી પસાર થઈને પૂર્ણતા સુધી પહોંચે છે.પ્રસ્તુત પ્રકરણમાં યોજનાની જરૂરિયાત વિશે જણાવવામાં આવ્યું છે. કોઈપણ પ્રકારનું સંશોધન હાથ ધરવા માટે વ્યાપવિશ્વ, સંશોધન પદ્ધતિ, માહિતી એકત્રિકરણ, માહિતી નું વિશ્લેષણ કરવાના પદોની વિસ્તૃત રીતે છણાવટ કરવી જરૂરી છે , જે આ પ્રકરણમાં કરવામાં આવી છે.

| | પ્રકરણ-૪ | પાના નંબર |
|---|---|---|
| | **માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન** | **૬૬-૭૧** |
| ૪.૦. | પ્રસ્તાવના | ૬૭ |
| ૪.૧. | ઉત્કલ્પનાની ચકાસણી | ૬૮ |
| ૪.૨. | ઉપસંહાર | ૭૧ |

# પ્રકરણ : ૪

# માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન

## ૪. ૦. પ્રસ્તાવના :

પૂર્વના પ્રકરણમાં સંશોધકે યોજનાની જરૂરિયાત, મહત્વ, સંશોધન પદ્ધતિ, વ્યાપવિશ્વ અને નમૂનાની પસંદગી, ઉપકરણ સંરચના, માહિતી એકત્રીકરણની રીતે એ માહિતીના પૃથક્કરણની રીતની વિસ્તૃત અને ઊંડાણલક્ષી ચર્ચા હાથ ધરી છે. અને સંશોધન કાર્યમાં ફક્ત માહિતીનું યોગ્ય રીતે આંકડાશાસ્ત્રીય અને વૈજ્ઞાનિક પૃથક્કરણ અને વર્ગીકરણ કરવું જરૂરી બને છે. નહીં તો આવી માહિતી એકત્રિત કોઈ અર્થ રહેલો નથી. સંશોધનના ફલિતાર્થો મેળવવા માટે મેળવેલી માહિતીનું પૃથક્કરણ કરવું જરૂરી છે. માત્ર પૃથક્કરણ હોવાથી સંશોધનના પ્રશ્નો હલ થતા નથી. આ વિશાળ સ્વરૂપમાં પ્રાપ્ત કરી જરૂરી માહિતીનો ઉપયોગ કરવામાં સરળતા રહે છે. જેને આધારે સંશોધનના તારણો અને સૂચનો શક્ય બને છે.

પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પદ્ધતિ દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું. પ્રસ્તુત સંશોધનમાં પ્રમાણિત સંશોધનિકાને આધારે મેળવેલ પ્રાપ્તાંકોનું જુદા – જુદા જૂથોના ચલના સંદર્ભમાં વિશ્લેષણ કર્યું હતું. ત્યારબાદ દરેક જૂથની સરાસરી,પ્રમાણ વિચલન, સરસરીનો તફાવત, તફાવતની પ્રમાણભૂતા t - મૂલ્ય શોધવામાં આવ્યું. ઉપરોક્ત પદ્ધતિના આધારે અહીં પ્રાપ્ત થયેલ માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન કરવામાં આવ્યું.

## ૪.૧. ઉત્કલ્પનાની ચકાસણી :

ઉત્કલ્પનાની ચકાસણી કરવા માટે t – કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જે નીચે મુજબ છે.

### હેતુ નંબર : ૧

"વિદ્યાર્થીઓના બુધ્ધિઆંકનો અભ્યાસ" ની પરિપૂર્તિ માટે એકત્રિત કરાયેલી માહિતીનું નીચે પ્રમાણે પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. દરેક વિદ્યાર્થી દિઠ બુધ્ધિઆંક મેળવવામાં આવ્યો હતો. ત્યારબાદ 'દેસાઈ શાબ્દિક – અશાબ્દિક સમૂહ બુધ્ધિકસોટી' ના માપદંડોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો , જે સારણી ૪. ૧ માં દર્શાવ્યો છે.

સારણી : ૪. ૧

| બુધ્ધિકક્ષા | વિદ્યાર્થીઓનીસંખ્યા | ટકા (%) |
|---|---|---|
| અત્યતમ બુધ્ધિ (૧૪૦ તથા વધુ ) | - | - |
| અતિવિશેષ બુધ્ધિ (૧૩૦ – ૧૩૯ ) | - | - |
| વિશેષ બુધ્ધિ (૧૨૦ – ૧૨૯ ) | ૦૮ | ૨ % |
| અધિક સામાન્ય બુધ્ધિ (૧૧૦- ૧૧૯ ) | ૭૯ | ૧૯.૭૫ % |
| સામાન્ય બુધ્ધિ (૯૦ – ૧૦૯ ) | ૨૯૭ | ૭૪.૨૫ % |
| ન્યૂન બુધ્ધિ (૮૦ – ૮૯ ) | ૧૬ | ૪ % |
| અધિક ન્યૂન બુધ્ધિ (૭૧ – ૭૯ ) | - | - |
| મંદ બુધ્ધિ (૭૦ થી ઓછા ) | - | - |
| કુલ | ૪૦૦ | ૧૦૦ % |

પ્રસ્તુત સંશોધનમાં ડૉ. કૃષ્ણકાંત ગોપાળજી દેસાઈ રચિત અને પ્રમાણિત 'દેસાઈ શાબ્દિક – અશાબ્દિક સમૂહ બુધ્ધિ કસોટી' નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. 'દેસાઈ શાબ્દિક – અશાબ્દિક બુધ્ધિ કસોટી' ની કુલ ૪૦૦ વિદ્યાર્થીઓ પર અજમાયશ કરવામાં આવી હતી. જેમાં 'વિશેષ બુધ્ધિ' ધરાવતા વિદ્યાર્થી ની  સંખ્યા ૮ હતી. જે કુલ સંખ્યાના ૨ % છે. 'અધિક સામાન્ય બુધ્ધિ' ધરાવતા વિદ્યાર્થીની સંખ્યા ૭૯ હતી અને તેમાં ૧૯.૭૫ % વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. 'સામાન્ય બુધ્ધિ' ધરાવતા વિદ્યાર્થી ની ૨૯૭ સંખ્યા હતી. અને તેમાં ૭૪.૨૫ % વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. 'ન્યૂન બુધ્ધિ' ધરાવતા વિદ્યાર્થી ની ૧૬ સંખ્યા હતી. જેમાં ૪ % વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. આમ, વિદ્યાર્થીઓના બુધ્ધિઆંકની ચકાસણી થઇ હતી.

## હેતુ નંબર : ૨

"વિદ્યાર્થીઓના બુધ્ધિઆંક નો અભ્યાસ જાતિ ચલના સંદર્ભમાં" ની પરિપૂર્તિ માટે એકત્રીકરણ કરાયેલ માહિતીનું નીચે પ્રમાણે પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. દરેક વિદ્યાર્થી દિઠ તેમની બુધ્ધિ ચકાસવામાં આવી હતી. જે નીચે મુજબ છે.

### સારણી : ૪.૨.

| | N | M | SD | SEm | T |
|---|---|---|---|---|---|
| છોકરાઓ | ૨૩૭ | ૩૪.૬૩ | ૬.૫૮ | ૦.૪૩ | ૦.૭૧ |
| છોકરીઓ | ૧૬૩ | ૩૫.૨૦ | ૬.૦૬ | ૦.૨૨ | |

**df** = ૩૯૮

**t** (૦.૦૧) = ૨.૫૯

(૦.૦૫) = ૧.૯૭

સારણી ૪.૨. માં દર્શાવ્યા મુજબ બુધ્ધિઆંકમાં સરસરી તફાવતની સાર્થકતાનું t – મૂલ્ય ૦.૭૧ છે. જે (૦.૦૧) ક્ક્ષાએ મળતા t – મૂલ્ય ૨.૫૯ કરતા ઓછું છે. મળેલ મૂલ્ય ૦.૦૧ ક્ક્ષાએ સાર્થક નથી. અને (૦.૦૫) ક્ક્ષાએ મળતા t – મૂલ્ય ૧.૯૭ કરતા ઓછું છે. મળેલ મૂલ્ય ૦.૦૫ ક્ક્ષાએ સાર્થક નથી. તેથી શૂન્ય ઉત્ક્લ્પનામાં બુધ્ધિઆંકમાં વિદ્યાર્થીઓની બુધ્ધિ કસોટીના પ્રાપ્તાંકોની સરસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં નો સ્વીકાર કરવામાં આવે છે. એટલે કે છોકરાઓ અને છોકરીઓના બુધ્ધિઆંકની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

**હેતુ નંબર : ૩**

"વિદ્યાર્થીઓના બુધ્ધિઆંક નો અભ્યાસ આર્થિક, સ્તરના સંદર્ભમાં કરવો".

**સારણી : ૪.૩.**

| | **N** | **M** | **SD** | **SEm** | **T** |
|---|---|---|---|---|---|
| ૦ – ૫૦,૦૦૦ | ૨૦૨ | ૩૫.૩૪ | ૬.૪૦ | ૦.૪૫ | ૧.૦૨ |
| ૫૦,૦૦૦ – ૧,૦૦,૦૦૦ | ૧૯૮ | ૩૪.૩૮ | ૬.૨૫ | ૦.૪૪ | |

**df** = ૩૯૮

**t** (0.0૧) = ૨.૫૯

(0.0૫) = ૧.૯૭

સારણી ૪.૩.માં દર્શાવ્યા મુજબ વિદ્યાર્થીની આવકમાં સરસરી તફાવતની સાર્થકતાનું t – મૂલ્ય ૧.0૨ છે. જે (0.0૧) ક્ક્ષાએ મળતા t – મૂલ્ય ૨.૫૯ કરતા ઓછું છે. મળેલ મૂલ્ય 0.0૧ ક્ક્ષાએ સાર્થક નથી.અને (0.0૫) ક્ક્ષાએ મળતા t – મૂલ્ય ૧.૯૭ કરતા ઓછું છે. મળેલ મૂલ્ય 0.0૫ ક્ક્ષાએ સાર્થક નથી. તેથી શૂન્ય ઉત્કલ્પનામાં આવકમાં વિદ્યાર્થીઓની કસોટીના પ્રાપ્તાંકોની સરસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં નો સ્વીકાર કરવામાં આવે છે.

## ૪.૨. ઉપસંહાર :

પ્રસ્તુત પ્રકરણમાં માહિતીનું પૃથક્કરણ અભ્યાસના હેતુઓ પ્રમાણે દર્શાવવામાં આવ્યું છે. ગણતરી કરેલ t – નું મૂલ્ય શોધી તેના અર્થઘટન દ્વારા સાર્થકતાની ચકાસણી કરેલ છે. અને તે પરથી તેનું અર્થઘટન કરવામાં આવ્યું છે. અર્થઘટન પરથી પ્રાપ્ત થતા તારણો પ્રકરણ – ૫ માં રજુ કરેલ છે.

| | પ્રકરણ-૫ | પાનાનંબર |
|---|---|---|
| | સંશોધનનો સારાંશ, તારણો અનેભલામણો | ૭૨-૮૦ |
| ૫.૦. | પ્રસ્તાવના | ૭૩ |
| ૫.૧. | પ્રસ્તુત સંશોધનનો સારાંશ | ૭૪ |
| ૫.૧.૧. | સમસ્યા કથન | ૭૪ |
| ૫.૧.૨. | અભ્યાસનું મહત્વ | ૭૪ |
| ૫.૧.૩. | સંશોધનના હેતુઓ | ૭૪ |
| ૫.૧.૪. | સંશોધનની ઉત્કલ્પનાઓ | ૭૫ |
| ૫.૧.૫. | અભ્યાસના ચલ | ૭૫ |
| ૫.૧.૬. | અભ્યાસના વ્યાપવિશ્વ | ૭૬ |
| ૫.૧.૭. | નમૂનો | ૭૬ |
| ૫.૧.૮. | સંશોધનના પ્રકાર | ૭૬ |
| ૫.૧.૯. | અભ્યાસની મર્યાદા | ૭૬ |
| ૫.૧.૧૦. | માહિતી એકત્રીકરણનું ઉપકરણ | ૭૭ |
| ૫.૧.૧૧. | માહિતી પૃથક્કરણ | ૭૭ |
| ૫.૨. | તારણો | ૭૭ |
| ૫.૩. | સંશોધનના શૈક્ષણિક ફલિતાર્થો | ૭૮ |
| ૫.૪. | સૂચનો | ૭૮ |
| ૫.૪.૧. | સામાન્ય સૂચનો | ૭૮ |
| ૫.૪.૨. | ભાવિ સંશોધન માટેના સૂચનો | ૭૯ |
| ૫.૫. | ઉપસંહાર | ૮૦ |

# પ્રકરણ : ૫

# સંશોધનનો સારાંશ, તારણો અને ભલામણો

## ૫.૦. પ્રસ્તાવના :

માહિતી પૃથક્કરણ બાદના કાર્યો સંશોધકની નિપૂર્ણતાની કસોટી કરે છે. અને તેથી જ આ પ્રકરણને લઘુશોધ નિબંધનું હાર્દ કહેવામાં આવે છે. સંશોધન પ્રક્રિયાઓ ધ્યેયલક્ષી અને વૈજ્ઞાનિક છે. આવા સંશોધનકાર્ય માટે અનેક પ્રક્રિયાગત સોપનોનો સમાવેશ થાય છે. પરંતુ આ સમગ્ર સંશોધન પ્રક્રિયાનું અંતિમ ધ્યેય તો તેમાંથી નિષ્પન્ન થતા તારણો છે. અન્ય સોપાનો આ ધ્યેય સિદ્ધ કરવાના સાધન માત્ર છે. આ દ્રષ્ટિએ આ પ્રકરણનું આગવું મહત્વ છે.

પ્રસ્તુત પ્રકરણમાં પ્રાપ્ત માહિતીના જુદા – જુદા દ્રષ્ટિકોણથી કરવામાં આવેલા વિશ્લેષણના આધારે મેળવેલા પરિણામો પરથી પ્રાપ્ત થતા તારણો અને તે તારણોની ચર્ચા, શૈક્ષણિક ફલિતાર્થો વિગતવાર રજૂ કરેલ છે. આ ઉપરાંત કોઈ સંશોધક પાસે પ્રસ્તુત સંશોધનનો વિગતવાર અભ્યાસ કરવા માટે સમય ન હોય અને પ્રસ્તુત સંશોધનનું ઝડપથી ઉપયોગ કરી માહિતીનું પૃથક્કરણ કરવામાં આવશે.

વિહગાવલોક્ન કરવું હોય તો તે માટે આ પ્રકરણમાં પ્રસ્તુત સંશોધનનો સારાંશ પણ રજૂ કરવામાં આવ્યો છે. પ્રસ્તુત સંશોધનકાર્ય સંશોધનકારને ઉપયોગી બને તથા તેના આધારે આ પ્રકારના સંશોધનો હાથ ધરી શકાય તે માટે કેટલાક સૂચનો તેમજ ભાવિ સંશોધન અંગેની ભલામણો પણ રજૂ કરવામાં આવી છે.

## ૫.૧. પ્રસ્તુત સંશોધનનો સારાંશ :

પ્રસ્તુત સંશોધનનો સારાંશ નીચે પ્રમાણે છે.

### ૫.૧.૧. સમસ્યા કથન :

પ્રસ્તુત સંશોધનનું શીર્ષક નીચે પ્રમાણે છે.

પ્રાથમિક શાળાના બાળકોનાં બુધ્ધિઆંકનો અભ્યાસ

### ૫.૧.૨. અભ્યાસનું મહત્વ :

(૧) માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા બાળકો માટે બુધ્ધિઆંક અતિ આવશ્યક છે. એના દ્વારા એ જાણી શકાય છે કે કયો વિદ્યાર્થી તેજસ્વી છે. કોણ મંદબુધ્ધિ ધરાવે છે. અને સામાન્ય કક્ષામાં કોણ આવે છે. આ માહિતી મેળવીને વિદ્યાર્થીઓનું જુદા – જુદા વર્ગમાં વિભાજન કરી વર્ગોમાં બુધ્ધિઆંકના આધારે સપ્રમાણ રાખવા માટે તેમજ જુદા – જુદા અભ્યાસક્રમોની પસંદગી કરવા માટે પ્રોત્સાહિત કરવા આ સંશોધનની આવશ્યકતા છે.

(૨) માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા બાળકો પોતાના અભ્યાસની સાથે – સાથે ઈતર પ્રવૃત્તિઓમાં ભાગ લે અને અભ્યાસમાં મેળવેલ સિદ્ધિની સાથે ઈતર પ્રવૃત્તિમાં પણ ભાગ લઈ સારી સિદ્ધિ મેળવે તે માટે તેમણે ઈતર પ્રવૃત્તિઓનું મહત્વ સમજાવવા માટે આ સંશોધન અતિ આવશ્યક છે.

### ૫.૧.૩. સંશોધનના હેતુઓ :

પ્રસ્તુત સંશોધનના હેતુઓ નીચે મુજબ છે.

(૧) ધોરણ ૮ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની બુધ્ધિઆંકનો અભ્યાસ કરવો.

(૨) ધોરણ ૮ નાં વિદ્યાર્થીઓના બુધ્ધિઆંકનો અભ્યાસ જાતિ ચલના સંદર્ભમાં કરવો.

(૩) ધોરણ ૮ નાં વિદ્યાર્થીઓના બુધ્ધિઆંકનો અભ્યાસ, આર્થિક સ્તરના સંદર્ભમાં કરવો.

## ૫.૧.૪. સંશોધનની ઉત્કલ્પનાઓ :

(૧) ધોરણ ૮ નાં છોકરાઓ અને છોકરીઓની બુધ્ધિઆંકના પ્રાપ્તાંકોની સરસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

(૨) ધોરણ ૮ નાં નિમ્ન, મધ્યમ અને ઉચ્ચ સ્તરના વિદ્યાર્થીઓની બુધ્ધિઆંકના પ્રાપ્તાંકોની સરસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

## ૫.૧.૫. અભ્યાસના ચલ :

ચલ એટલે એવો ગુણ કે લક્ષણ જેની કિંમતમાં ફેરફાર થઇ શકે છે કે જેને મૂલ્ય આપી શકાય છે. પ્રસ્તુત સંશોધનના ચલો નીચે મુજબ છે.

**અભ્યાસના ચલો**

| ક્રમ | ચલ | નામ | કક્ષા |
|---|---|---|---|
| ૧ | સ્વતંત્ર ચલ | જાતિયતા | છોકરાઓ |
| | | | છોકરીઓ |
| | | ધોરણ | ૮ |
| | | આર્થિક સ્તર | મધ્યમ, નિમ્ન |

| | | | |
|---|---|---|---|
| ૨ | પરતંત્ર ચલ | બુધ્ધિઆંક | |
| 3 | અંકુશિત ચલ | વિસ્તાર ભરૂચ શહેર | |

## ૫.૧.૬. અભ્યાસનો વ્યાપવિશ્વ :

પ્રસ્તુત સંશોધનનું વ્યાપવિશ્વ ભરૂચ શહેરની તમામ પ્રાથમિક શાળાઓ રહેશે.

## ૫.૧.૭. નમૂનો :

પ્રસ્તુત સંશોધનના નમૂના તરીકે ભરૂચ શહેરની ૪ શાળાઓની પસંદગી યાદ્રચ્છિક રીતે કરવામાં આવશે. શાળાના ૮ માં ધોરણના તમામ વિદ્યાર્થીઓને નમૂનામાં સમાવવામાં આવશે.

## ૫.૧.૮. સંશોધનના પ્રકાર :

પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પ્રકારનું છે.

## ૫.૧.૯. અભ્યાસની મર્યાદા :

(૧) પ્રસ્તુત સંશોધન ફક્ત ભરૂચ શહેરની પ્રાથમિક શાળાઓ પૂરતું સીમિત છે.

(૨) પ્રસ્તુત સંશોધન ધોરણ ૮ ના વિદ્યાર્થીઓ પૂરતું મર્યાદિત છે.

(3) પ્રસ્તુત સંશોધનમાં વિસ્તારને અંકુશિત ચલ તરીકે સ્વીકારેલ છે.

## ૫.૧.૧૦. માહિતી એકત્રીકરણનું ઉપકરણ :

દેસાઈ શાબ્દિક – અશાબ્દિક સમૂહ બુધ્ધિ કસોટીનો ઉપયોગ કરી માહિતી એકત્રીત કરવામાં આવશે.

## ૫.૧.૧૧. માહિતી પૃથક્કરણ :

વિદ્યાર્થીદિઠ બુધ્ધિઆંક મેળવવામાં આવશે. ત્યારબાદ t – કસોટીનો ઉપયોગ કરી માહિતીનું પૃથક્કરણ કરવામાં આવશે.

## ૫.૨. તારણો :

પ્રસ્તુત સંશોધન દ્વારા નીચેના તારણો પ્રાપ્ત થાય છે.

(૧) મોટે ભાગના વિદ્યાર્થીઓ (૭૪.૨૫%) નો બુધ્ધિઆંક સામાન્ય છે.

(૨) થોડા વિદ્યાર્થીઓ (૧૯.૭૫%) નો બુધ્ધિઆંક સામાન્ય કરતા અધિક છે.

(3) ફક્ત (૪%) વિદ્યાર્થીઓનો બુધ્ધિઆંક ન્યૂનતમ છે.

(૪) ફક્ત (૨%) વિદ્યાર્થીઓનો બુધ્ધિઆંક વિશેષ છે.

(૫) છોકરાઓ અને છોકરીઓના બુધ્ધિઆંકમાં કોઈ સાર્થક તફાવત જોવા મળતો નથી.

(૬) 'બુધ્ધિ' નું વિતરણ લગભગ સાધારણ રીતે થયેલું જોવા મળે છે.

(૭) જાતિ ચલની બુધ્ધિઆંક ઉપર કોઈ અસર વર્તાતી નથી.

(૮) આર્થિક દરજ્જાની પણ બુધ્ધિઆંક ઉપર કોઈ અસર વર્તાતી નથી.

## ૫.૩. સંશોધનના શૈક્ષણિક ફલિતાર્થો :

પ્રસ્તુત સંશોધન ભરૂચ જિલ્લાના પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની બુધ્ધિઆંક ના સંદર્ભમાં અભ્યાસ કરવાનો હતો અને તે સંદર્ભમાં હેતુઓની રચના અનુસાર ઉત્કલ્પનાની અજમાયશ કરવામાં આવી. ઉત્કલ્પના ચકાસણીના આધારે કેટલાક શૈક્ષણિક ફલિતાર્થો પ્રાપ્તા થાય છે. જે આ પ્રમાણે છે.

(૧) ધોરણ ૮ પછી શાળામાં નવું સત્ર શરૂ થાય ત્યારે જ વિદ્યાર્થીઓની બુધ્ધિની કસોટી લેવી જોઈએ.

(૨) બુધ્ધિકસોટી દ્વારા વિદ્યાર્થીની બુધ્ધિ તપાસી લેવી જોઈએ અને તેને ધ્યાનમાં રાખી ચાલુ વર્ષ દરમ્યાન તે વ્યવસાયમાં રસ કેળવાય તે માટે યોગ્ય માર્ગદર્શન આપવું જોઈએ.

(૩) શાળામાં વિદ્યાર્થીઓની બુધ્ધિનો વિકાસ થાય તે હેતુની જુદા – જુદા માર્ગદર્શન કાર્યક્રમ અને કસોટી લેવી જોઈએ.

(૪) વિદ્યાર્થીઓ યોગ્ય રીતે વ્યવસાય પસંદગીના ધ્યેય સુધી પહોચાડવાના પ્રયત્નો કરવા જોઈએ.

## ૫.૪. સૂચનો :

### ૫.૪.૧. સામાન્ય સૂચનો :

પ્રસ્તુત સંશોધનના તારણોને આધારે વિદ્યાર્થીઓની બુધ્ધિકસોટી જાણી પછી સંશોધક નીચે પ્રમાણે સૂચનો કરવા પ્રેરાય છે.

(૧) વિદ્યાર્થીઓને બુધ્ધિકસોટીની પસંદગી માટે તેમને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડી શકાય.

(૨) શાળામાં વિદ્યાર્થીના બુધ્ધિનો વિકાસ થાય તે માટેના કાર્યક્રમ ગોઠવી શકાય.

(૩) સમાજ વિદ્યાર્થીઓની બુધ્ધિ ઘડતર માટે સહકાર આપી શકાય.

(૪) શાળામાં વિદ્યાર્થીના બુધ્ધિનો યોગ્ય વિકાસ થાય તે માટે જુદા – જુદા સેમિનાર અને વર્કશોપ રાખી શકાય.

(૫) શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને બુધ્ધિ ઘડતર માટે સતત માર્ગદર્શન અને પ્રોત્સાહન પૂરું પાડી શકાય.

## ૫.૪.૨. ભાવિ સંશોધન માટેના સૂચનો :

પ્રસ્તુત સંશોધનમાં વિદ્યાર્થીઓની બુધ્ધિકસોટીની બુધ્ધિક્ક્ષાના સંદર્ભમાં અભ્યાસ કરવા માટે હાથ ધરવામાં આવ્યો છે. પ્રસ્તુત સંશોધન ભાવિ સંશોધકો માટે યોગ્ય માર્ગદર્શક અને દિશાસૂચન બને તે હેતુસર પ્રયોજકે ભાવિ સંશોધનના ક્ષેત્રો દર્શાવવાની ઉપક્રમ રાખેલ છે. સંશોધન અગાઉના સંશોધનની ખૂટતી કડી બનતું હોય છે. આ સંદર્ભમાં કેટલાક ક્ષેત્રો આ પ્રમાણે દર્શાવવામાં આવે છે. જે નીચે મુજબ છે.

(૧) વિવિધ વિદ્યાશાખાના છોકરાઓ અને છોકરીઓની બુધ્ધિકસોટીના માધ્યમ અનુસાર તુલનાત્મક અભ્યાસ કરી શકાય.

(૨) વિવિધ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓની બુધ્ધિના જુદા – જુદા જૂથના આધારે અભ્યાસ કરી શકાય.

(૩) શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓનો બુધ્ધિકક્ષાના આધારે તુલનાત્મક અભ્યાસ કરી શકાય.

(૪) જેમાં અન્ય ચલોનો ઉપયોગ કરી સંશોધન થઇ શકશે.

## ૫.૫. ઉપસંહાર :

પ્રસ્તુત પ્રકરણમાં સમગ્ર સંશોધનમાં કરેલા કાર્યોને વ્યવસ્થિત રીતે સાર સ્વરૂપે રજૂ કરવામાં આવ્યા છે. તદ્ઉપરાંત સંશોધનના હેતુઓ, તારણો,તારણોની ચર્ચા શૈક્ષણિક ફલિતાર્થો અને ભાવિ સંશોધન અંગેની ભલામણો પણ બતાવવામાં આવી છે. કોઇપણ સંશોધન હાથ ધરાયા પછી તેના ફલશ્રુતિરૂપ પરિણામો સમસ્યાના ઉકેલ માટે શિક્ષકો, આચાર્યે, નિરિક્ષકો, કેળવણીકારો, નિષ્ણાંતો અને વાલીઓના આ સહિયારા પ્રયત્નોની જરૂરિયાત છે. તેવી અપેક્ષા રાખી શોધક સંશોધનની પૂર્ણાહૂતિ કરે છે.

# સંદર્ભ સૂચિ


Koli , S. (2013). A Study of Adjustment of Secondary School Students of Chhota Udepur Taluka in Relation to Emotional, An Unpublished. M.Ed. Dissertation. V.V.Nagar : P.G. Department of Education Spu.

Modi , J. (2009). A Study of Triarchic Intelligence of Primary School Students , An Unpublished. M.Ed. Dissertation. V.V.Nagar: P.G.Department of Education Spu.

કિરણકુમાર બી. ત્રિવેદી.(૧૯૯૨). બાપુનગર વિસ્તારની માધ્યમિક શાળામાં ધોરણ – ૮ ના વિદ્યાર્થીઓની બુધ્ધિ અને પ્રકટ ચિંતા વચ્ચેનો સહસંબંધાક અભ્યાસ, અપ્રકાશિત લઘુશોધ નિબંધ, સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભ વિદ્યાનગર, સરદાર પટેલ યુનિવર્સિટી.

ક્રિષ્ના એ. ત્રિવેદી.(૨૦૧૦). આણંદ તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની સાંવેગિક બુધ્ધિ કક્ષાનો કેટલાક ચલોના સંદર્ભમાં અભ્યાસ, અપ્રકાશિત લઘુશોધ નિબંધ, સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભ વિદ્યાનગર, સરદાર પટેલ યુનિવર્સિટી.

કિંજલ વિ. સેવક.(૨૦૧૧). ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની સાંવેગિક બુધ્ધિ પર યોગ અને ધ્યાનની અસર, અપ્રકાશિત લઘુશોધ નિબંધ, સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભ વિદ્યાનગર, સરદાર પટેલ યુનિવર્સિટી.

તેજસ બી. માળી.(૨૦૧૩). સામાજિક બુધ્ધિ અને સાંવેગિક બુધ્ધિનો તુલનાત્મક અભ્યાસ, અપ્રકાશિત લઘુશોધ નિબંધ, સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભ વિદ્યાનગર,સરદાર પટેલ યુનિવર્સિટી.

દેસાઈ એચ. જી. (૧૯૯૪). સંશોધન પદ્ધતિ અને પ્રવિધિઓ (ચતુર્થી આવૃત્તિ), અમદાવાદ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજય.

દેસાઈ એચ. જી. અને દેસાઈ કે. જી. (૧૯૯૭). સંશોધન પદ્ધતિ અને પ્રવિધિઓ (પ્રથમ આવૃત્તિ),અમદાવાદ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.

દોંગા નનુભાઈ. (૨૦૧૨). શિક્ષણમાં અધ્યાપનમાં મનોવિજ્ઞાનની નવી દિશાઓ (પ્રથમ આવૃત્તિ), શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

દક્ષા મકવાણા.(૧૦૧૨).ઉચ્ચતર માધ્યમિક સ્તરના વિવિધ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓની સાંવેગિક બુધ્ધિનો અભ્યાસ, અપ્રકાશિત લઘુશોધ નિબંધ, સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભ વિદ્યાનગર,સરદાર પટેલ યુનિવર્સિટી.

નિષાદ ઓજા.(૨૦૧૦). ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે આધ્યાત્મિક બુધ્ધિ કસોટીની રચના અને પ્રમાણિકરણ, અપ્રકાશિત લઘુશોધ નિબંધ, હેમચંદ્રાચાર્ય ઉતર ગુજરાત યુનિવર્સિટી, પાટણ.

પારેખ એસ. સી., દિક્ષિત એસ. કે. (૧૯૯૫). મનોવૈજ્ઞાનિક સંશોધનમાં આંકડાશાસ્ત્રીય પરીક્ષણ, જૂનાગઢ, ચંપા પ્રકાશન.

પટેલ આર. એસ. (૨૦૦૯). શૈક્ષણિક સંશોધનની પદ્ધતિઓ (દ્રિતીય આવૃત્તિ), અમદાવાદ, અક્ષર પબ્લિકેશન.

પારેખ બી. યુ. તથા અન્ય. (૨૦૧૦). શિક્ષણમાં આંકડાશાસ્ત્ર, (પંચમ આવૃત્તિ), અમદાવાદ, યુનિવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.

પંકજ પરમાર.(૨૦૧૦). મુકબધિર બાળકો અને સામાન્ય તરુણ બાળકોમાં કારકિર્દી પરિપક્વતા અને વ્યવસાયિક અભિપ્રેરણા નો તુલનાત્મક અભ્યાસ, અપ્રકાશિત લઘુશોધ નિબંધ, સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભ વિદ્યાનગર, સરદાર પટેલ યુનિવર્સિટી.

મહેશ શર્મા.(૧૯૯૦). ધોરણ ૫ નાં વિદ્યાર્થીઓના વાચન અર્થગ્રહણવિકાસનો તેમની શૈક્ષણિક સિદ્ધિ સામાજિક આર્થિક સ્તર અને બુધ્ધિઆંક ના સંદર્ભમાં અભ્યાસ, અપ્રકાશિત લઘુશોધ નિબંધ, સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભ વિદ્યાનગર,સરદાર પટેલ યુનિવર્સિટી.

મન્સુરી જી. આર. (૨૦૦૭). મનોવિજ્ઞાનનો શબ્દકોષ. (પ્રથમ આવૃત્તિ), અમદાવાદ, મયુર પ્રકાશન.

મીરાં કે. લિખિયા.(૨૦૦૮). માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની બહુવિધ બુધ્ધિ અને સિદ્ધિ, અપ્રકાશિત લઘુશોધ નિબંધ, સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભ વિદ્યાનગર, સરદાર પટેલ યુનિવર્સિટી.

મોનિકા મહાજન.(૨૦૧૧). સાંવેગિક બુધ્ધિ અને આધ્યાત્મિક બુધ્ધિ સંદર્ભ શૈક્ષણિક સિદ્ધિ, અપ્રકાશિત લઘુશોધ નિબંધ, સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભ વિદ્યાનગર,સરદાર પટેલ યુનિવર્સિટી.

રિધ્ધિ ગાંધાવી.(૨૦૧૩). ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની આધ્યાત્મિક બુધ્ધિનો ચોક્કસ ચલોના સંદર્ભમાં અભ્યાસ, અપ્રકાશિત લઘુશોધ નિબંધ, સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભ વિદ્યાનગર,સરદાર પટેલ યુનિવર્સિટી.

રીપલ વી. પટેલ.(૨૦૧૨). ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની આધ્યાત્મિક બુધ્ધિનો અભ્યાસ, અપ્રકાશિત  લઘુશોધ નિબંધ, કડી વિશ્વવિદ્યાલય, યુનિવર્સિટી ગાંધીનગર.

લોહિતા.(૨૦૧૩). માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના કુટુંબી પર્યાવરણમાં કારકિર્દી પરિપક્વતાનો અભ્યાસ, અપ્રકાશિત લઘુશોધ નિબંધ, ડી.ઈ.આઈ.ડીંડ વિશ્વવિદ્યાલય, યુનિવર્સિટી આગ્રા.

વંદના એચ. વણકર.(૨૦૧૨). માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિનો બુધ્ધિ અને ચિંતાતુરતાના સંદર્ભમાં અભ્યાસ, અપ્રકાશિત લઘુશોધ નિબંધ, સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભ વિદ્યાનગર,સરદાર પટેલ યુનિવર્સિટી.

સોનલ કે. ચાવડા.(૨૦૦૯). મોરબી શહેરના ધોરણ – ૧૧ ના વિદ્યાર્થીઓની સાંવેગિક બુધ્ધિ પર બુધ્ધિ ક્ક્ષાની અસરકારકતાનો અભ્યાસ, અપ્રકાશિત લઘુશોધ નિબંધ, સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભ વિદ્યાનગર, સરદાર પટેલ યુનિવર્સિટી.

સૈફાલી જે. પરમાર.(૨૦૧૦).પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની સાંવેગિક બુધ્ધિનો નિશ્ચિત ચલના સંદર્ભમાં અભ્યાસ, અપ્રકાશિત લઘુશોધ નિબંધ, સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભ વિદ્યાનગર, સરદાર પટેલ યુનિવર્સિટી.

સંધ્યા સી. પટેલ.(૨૦૧૧).માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની સર્જનાત્મક વિચારશીલતા અને ચિંતા વચ્ચે રહેલા સંબંધનો એક અભ્યાસ, અપ્રકાશિત લઘુશોધ નિબંધ, સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભ વિદ્યાનગર,સરદાર પટેલ યુનિવર્સિટી.

શાહ ગુણવંત અને પંડ્યા કૃચિન. (૧૯૭૮). શૈક્ષણિક મનોવિજ્ઞાન, (પ્રથમ આવૃત્તિ), અમદાવાદ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજય.

શાહ ગુણવંત. (૧૯૮૬). શૈક્ષણિક મનોવૈજ્ઞાનિક, (દ્રિતીય આવૃત્તિ), અમદાવાદ, મુચુર પ્રકાશન.

શાહ આર. (૧૯૯૪). સંશોધનનું આયોજન અને મૂલ્યાંકન, અમદાવાદ ગુજરાત વિદ્યાપીઠ.

શીરીષ આર. જાદવ.(૧૦૧૨). ભાવિ શિક્ષકોની આધ્યાત્મિક બુધ્ધિનો કેટલાંક ચલોનાં સંદર્ભમાં અભ્યાસ, અપ્રકાશિત લઘુશોધ નિબંધ, ગણપત યુનિવર્સિટી ખેરવા.

હિરલ બી. પટેલ.(૨૦૧૨). ધોરણ – ૯ ના વિદ્યાર્થીઓની આધ્યાત્મિક બુધ્ધિનો કેટલાક ચાલોના સંદર્ભમાં અભ્યાસ, અપ્રકાશિત લઘુશોધ નિબંધ, હેમચંદ્રાચાર્ય ઉતર ગુજરાત યુનિવર્સિટી, પાટણ.

આચાર્ય મોહિની. (૨૦૦૮). માર્ગદર્શન અને સલાહ, અમદાવાદ, અક્ષર પબ્લિકેશન.

આચાર્ય મોહિની. (૨૦૦૮). શિક્ષણમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર. અમદાવાદ, અક્ષર પબ્લિકેશન.

અનુજ એસ. દોષી.(૨૦૧૦).માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની બુધ્ધિ અને સર્જનાત્મક ચિંતન વચ્ચેના સઅસબંધનો અભ્યાસ, અપ્રકાશિત લઘુશોધ નિબંધ, સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભ વિદ્યાનગર,

આકાશ કે. જાદવ.(૨૦૧૩). વિવિધ વિધાશાખાના તરુણ વિદ્યાર્થીઓની કારકિર્દી પરિપક્વતાનો અભ્યાસ, અપ્રકાશિત લઘુશોધ નિબંધ, સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભ વિદ્યાનગર,સરદાર પટેલ યુનિવર્સિટી.

ઉર્વેશ જે.ગામીત.(૨૦૦૭). પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓના બુધ્ધિઆંકઅને સાંવેગિક બુધ્ધિનો જાતિ અને વિસ્તાર સંદર્ભમાં તપાસવી, અપ્રકાશિત લઘુશોધ નિબંધ, સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભ વિદ્યાનગર, સરદાર પટેલ યુનિવર્સિટી.

શ્રીમતી શ્યામા.(૧૯૮૪).આણંદ તાલુકામાં ધોરણ – ૬ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સર્જનાત્મક વિચારશીલ શક્તિનો જાતિ, શૈક્ષણિક સિદ્ધિ, બુધ્ધિઆંક અને અભ્યાસ ટેવોનો સંદર્ભમાં અભ્યાસ, અપ્રકાશિત લઘુશોધ નિબંધ, સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભ વિદ્યાનગર, સરદાર પટેલ યુનિવર્સિટી.